Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનવ્યવહાર

[ 'માર્ગાનુસારી'ના ૩૫ ગુણો ]

卐

ધર્મબોધ ગ્રંથમાળા

પુષ્પ : ૧૯ :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મબોધ ગ્રંથમાળા–પુષ્પ : ૧૯ :

# જીવનવ્યવહાર

## [ 'માર્ગાનુસારી'ના ૩૫ ગુણો ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ.

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી–લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ–વડોદરા.

આવૃત્તિ ૧ લી. કીં. ૧૦ આના વિ. સં. ૨૦૦૫

મુદ્રકઃ–શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહનગ્રંથમાળા
રાવપુરા, મહાજન પોળ–વડોદરા.

આવૃત્તિ પહેલી.

પહેલી વાર

**દસ આના**

વિ. સં. ૨૦૦૯ શ્રા. શુ. ૧૫

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રી. પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# -: વિ ષ યા નુ ક્ર મ્ :-


નીતિમય જીવન ... ૧

ધર્મારાધનની ત્રણ ભૂમિકાઓ ... ૪

માર્ગાનુસારીના ૩૫ ગુણો ... ૫ થી ૭૦

પહેલો ગુણ : દ્રવ્ય ન્યાયથી મેળવવું ... ... ... ૫
બીજો ગુણ : શિષ્ટાચારની પ્રશંસા કરવી ... ... ૧૯
ત્રીજો ગુણ : વિવાહ સમાન કુલશીલાદિવાળા પણ અન્યગોત્રી સાથે કરવો ... ... ... ... ૨૧
ચોથો ગુણ : પાપથી ડરતાં રહો ... ... ... ૨૬
પાંચમો ગુણ : પ્રસિદ્ધ દેશાચારનું પાલન કરવું ... ... ૨૮
છઠ્ઠો ગુણ : કોઈનો અવર્ણવાદ બોલવો નહિ ... ... ૨૯
સાતમો ગુણ : યોગ્ય સ્થાનમાં ઘર બાંધીને રહેવું ... ૩૧
આઠમો ગુણ : સદાચારીનો સંગ કરવો... ... ... ૩૩
નવમો ગુણ : માતાપિતાની ભક્તિ કરવી ... ... ૩૫
દશમો ગુણ : ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો ... ... ૩૯
અગિયારમો ગુણ : નિંદિતકાર્યમાં પ્રવૃત્તિ કરવી નહિ ... ૪૧
બારમો ગુણ : આવક પ્રમાણે ખર્ચ કરવો ... ... ૪૩
તેરમો ગુણ : ધનાદિ અનુસારે વેશ રાખવો ... ... ૪૫
ચૌદમો ગુણ : બુદ્ધિના આઠ ગુણોને સેવવા ... ... ૪૮
પંદરમો ગુણ : નિત્ય ધર્મ સાંભળવો ... ... ... ૪૯
સોળમો ગુણ : અજીર્ણ થતાં ભોજન કરવું નહિ ... ૫૦
સત્તરમો ગુણ : પ્રકૃતિને અનુકૂળ અવસરે ભોજન કરવું ... ૫૨
અઢારમો ગુણ : ધર્મ, અર્થ અને કામને પરસ્પર બાધા ન આવે તે રીતે સાધવા... ... ... ૫૪


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓગણીસમો ગુણ : દેવ, અતિથિ અને દીનજનોની સેવા કરવી ૫૫
વીસમો ગુણ : કદાગ્રહી થવું નહિ ... ... ... ૫૬
એકવીસમો ગુણ : ગુણને વિષે પક્ષપાત રાખવો ... ... ૫૭
બાવીસમો ગુણ : દેશ અને કાલથી વિરુદ્ધ ચાલવું નહિ ... ૫૮
તેવીસમો ગુણ : પોતાની શક્તિ અનુસાર કામનો આરંભ કરવો ૬૦
ચોવીસમો ગુણ : ભરણપોષણ કરવા યોગ્યનું ભરણપોષણ કરવું ૬૧
પચીસમો ગુણ : સદાચારી અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી ... ૬૩
છવીસમો ગુણ : દીર્ઘદર્શી થવું ... ... ... ૬૪
સત્તાવીસમો ગુણ : વિશેષજ્ઞ થવું ... ... ... ૬૪
અઠ્ઠાવીસમો ગુણ : કૃતજ્ઞ થવું ... ... ... ૬૪
ઓગણત્રીસમો ગુણ : લોકપ્રિય થવું ... ... ... ૬૫
ત્રીસમો ગુણ : લજ્જાવાન્ થવું ... ... ... ૬૫
એકત્રીસમો ગુણ દયાળું થવું ... ... ... ... ૬૬
બત્રીસમો ગુણ : આકૃતિ સૌમ્ય રાખવી... ... ... ૬૭
તેત્રીસમો ગુણ : પરોપકારી થવું ... ... ... ૬૭
ચોત્રીસમો ગુણ : અંતરના છ શત્રુઓને જીતવા ... ... ૬૮
પાંત્રીસમો ગુણ : ઇંદ્રિયોને વશ રાખવી... ... ... ૬૯
ઉપસંહાર ... ... ... ... ... ... ૬૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીતિમય જીવન

બિમાર માણુસને ખોરાક આપવાની શરૂઆત કરવી હોય તો પ્રથમ તેને મગનું ઓસામણુ આપવામાં આવે છે, પછી તેમાં થોડો ગળેલો ભાત ઉમેરવામાં આવે છે, પછી તેને દાળ-ભાત આપવામાં આવે છે, પછી તેને એકાદ બે ખાખરા ખાવાની છૂટ અપાય છે, પછી તેને રોટલા-રોટલી ખાવાની છૂટ અપાય છે અને તત્પશ્ચાત્ પેંડા-બરફી કે દૂધપાક-બાસૂદી જેવા ભારે પદાર્થો અપાય છે.

બાળકને ગણિતનું શિક્ષણુ આપવું હોય તો પ્રથમ તેની પાટીમાં એકડો લખી આપવામાં આવે છે; તે ઘૂંટીને પાકો કરે એટલે બગડો લખી આપવામાં આવે છે; અને તે ઘૂંટીને પાકો કરે ત્યારે તગડો લખી આપવામાં આવે છે. આ રીતે તેને નવ અંક અને શૂન્યનું જ્ઞાન કરાવ્યા પછી જ બીજા આંક શીખવવામાં આવે છે અને એ આંક પાકા થાય ત્યારે જ સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, દશાંશ, અપૂર્ણાંક, ત્રિરાશિ, પંચરાશિ, વર્ગમૂળ, ઘનમૂળ, ગણિતશ્રેઢી, ભૂમિતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેઢી, બીજગણિત વગેરે ક્રમશઃ શીખવાય છે. અથવા બાળકને વાંચતાં શીખવવું હોય તો પ્રથમ મૂળાક્ષરો પાકા કરાવવામાં આવે છે, પછી બારાખડી શીખવાય છે, પછી પદો વાંચતાં શીખવાય છે, પછી વાક્યો વાંચતાં શીખવાય છે અને છેવટે પરિચ્છેદ કે પાઠો વાંચતાં શીખવાય છે.

જો બિમાર માણસને પ્રારંભથી જ ભારે ખોરાક આપવામાં આવે તો તેની તબિયત સુધરવાને બદલે બગડે છે. જો બાળકને શરૂઆતમાં જ ગણિતના અઘરા દાખલાઓ શીખવવાનાં પ્રયત્ન થાય તો ગણિતના વિષયમાં તે છેક જ કાચો રહી જાય છે; અથવા મૂળાક્ષરો શીખવ્યા સિવાય ભારે ગદ્ય-પદ્ય વંચાવવાનો પ્રયત્ન થાય તો એ બાળક વાંચતાં કદી પણ શીખી શકતું નથી.

ધર્મશિક્ષણ કે ધર્મારાધનની બાબતમાં પણ આવો જ ન્યાય પ્રવર્ત્તે છે, કારણ કે સામાન્ય સંસારી મનુષ્યોની સ્થિતિ એક બિમાર આદમી કે એક બાળકથી જરાયે વધારે સારી હોતી નથી. તેઓ કલેશ, કંકાસ કે ટંટો-ફિસાદ કરવામાં મગરૂરી માને છે અને વાતવાતમાં બાંયો ચઢાવે છે તથા ડંડાડંડી કરે છે. વળી તેઓ ડગલે અને પગલે જૂઠું બોલે છે-પછી કોઇ સ્વાર્થ સધાતો હોય તો પણ ભલે અને ન સધાતો હોય તો પણ ભલે. તેઓ કોઇના પર આક્ષેપો કરતા કે ગમે તેવું આળ મૂકતાં પણ અચકાતા નથી. ધન કમાવું-ગમે તે પ્રકારે કમાવું-એ તેમનો મુદ્રાલેખ હોય છે અને તે માટે તેઓ ગમે તેવું કૂડ-કપટ કરતાં, છેતરપીંડીનો આશ્રય લેતાં, દગો રમતાં કે બળજબરી કરતાં પણ ક્ષોભ પામતા નથી. મિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય કે મુરબ્બી હોય, પાડોશી હોય કે પરગજૂ હોય અથવા કોઈ ગરીબ કે ભિખારી હોય તો પણ તેને તેઓ પોતાની સ્વાર્થ-સાધનાનો શિકાર બનાવ્યા વિના રહેતા નથી. તેમને આરંભમાં આનંદ આવે છે, પરિગ્રહથી પ્રમોદ ઉપજે છે અને માનેલી મોટાઈ મળતાં ફૂલણજી થઈને ફરે છે. તેમની કામ-વાસનાને આરો નથી. જ્યાં સુંદર રૂપ જોયું, જ્યાં થોડી ટાપ-ટીપ જોઈ કે જ્યાં કંઇ હાવ-ભાવ જોવામાં આવ્યો ત્યાં તેમની મનોવૃત્તિઓ ઉશ્કેરાય છે અને તેને તૃપ્ત કરવા માટે તેઓ ગમે તેવા અનર્થો કરવા ચૂકતા નથી. અનેક ખૂનખાર યુદ્ધો તે માટે જ થયા છે. અનેક જાતના છળ-પ્રપંચો તે માટે જ ખેલાયા છે. અનેક જાતનાં અધમ આચરણો તે માટે જ અસ્તિત્વમાં આવ્યાં છે. પ્રાકૃત મનુષ્યોના ક્રોધનું પ્રમાણ જુઓ, તેમના માનનું માપ કાઢો, તેમની માયાનું સાંગોપાંગ અવલોકન કરો અને તેમના લોભનો હિસાબ મૂકો તો એમ જ કહેવું પડે કે તેઓ મનુષ્યનું નહિ પણ વાઘ-દીપડાનું જીવન જીવી રહ્યા છે, સાપ-વીંછીનો પરિચય આપી રહ્યા છે અને કાગડા-કૂકડા કે બતક-બગલાનો ભાવ ભજવી રહ્યા છે. જ્યાં જીવનનું ધોરણ આટલું નીચું હોય અને સામાન્ય સંસ્કારોની પણ ખામી હોય, ત્યાં વીતરાગતાની વાતો કરવાનો અર્થ શો ? વળી આ મનુષ્યોના જોવા-જાણવાની દૃષ્ટિ એટલી સ્થૂલ અને એટલી ઉપરછલી હોય છે કે તેમની આગળ તત્ત્વ-જ્ઞાનનાં સૂક્ષ્મ રહસ્યોની વાત કરવી એ ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું જ છે. તેથી માનવજાતિનું મહાહિત ઇચ્છનારા મુનિવરોએ ધર્મારાધનની ત્રણ ભૂમિકાઓ બતાવી છે, તે આ રીતેઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મારાધનની ત્રણ ભૂમિકાઓ.

(૧) વ્યવહારશુદ્ધિ કે માર્ગનું અનુસરણ.

(૨) દેશવિરતિ કે શ્રાવકધર્મ.

(૩) સર્વવિરતિ કે સાધુધર્મ.

આનો સ્પષ્ટ અર્થ એ છે કે-જે મુમુક્ષુ વ્યવહારશુદ્ધિ કે માર્ગનું યથાર્થ અનુસરણ કરે છે, તે દેશવિરતિ કે શ્રાવક ધર્મને યોગ્ય થાય છે અને જે દેશવિરતિ કે શ્રાવકધર્મનું યોગ્ય અનુસરણ કરે છે, તે સર્વવિરતિ કે સાધુધર્મને યોગ્ય થાય છે. બીજી રીતે કહીએ તો વ્યવહારશુદ્ધિ કે માર્ગનું અનુસરણ એ ધર્મારાધનનું પ્રાથમિક શિક્ષણ છે, દેશવિરતિ કે શ્રાવક ધર્મ એ ધર્મારાધનનું માધ્યમિક શિક્ષણ છે અને સર્વવિરતિ કે સાધુધર્મ એ ધર્મારાધનનું ઉચ્ચ શિક્ષણ છે, એટલે સાધુધર્મને યોગ્ય થનારે દેશવિરતિનું યથાર્થ અનુસરણ કરવું જોઈએ અને દેશવિરતિને યોગ્ય થનારે માર્ગનું યથાર્થ અનુસરણ કરવું જોઇએ.

ધાર્મિક જીવન એટલે નીતિમય જીવન.

ધાર્મિક જીવન એટલે સંસ્કારી જીવન.

ધાર્મિક જીવન એટલે સદાચારી જીવન.

આ વાતનો આપણે સ્વીકાર કરતા હોઇએ-કરીએ જ છીએ-તો આપણા ધાર્મિક જીવનની શરૂઆત નીતિમય જીવનથી જ થવી જોઇએ કે જેનાથી ક્રમશઃ સંસ્કારની સુવાસ પ્રકટાવી શકાય અને પરિણામે સદાચારી બની શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વાત કદી પણ ભૂલવી જોઇતી નથી કે જ્યાં નીતિ નથી, ત્યાં સંસ્કાર નથી; જ્યાં સંસ્કાર નથી, ત્યાં સદાચાર નથી; અને જ્યાં સદાચાર નથી, ત્યાં ધર્મ નથી. પછી ઉચ્ચ કોટિના વીતરાગ ધર્મની તો વાત જ ક્યાં રહી?

## માર્ગાનુસારીના ૩૫ ગુણો.

નીતિમય જીવન ગાળવા માટે નિર્ગ્રંથ મહર્ષિઓએ માર્ગાનુસારીના ૩૫ ગુણોની પ્રરૂપણા કરી છે, જે મુમુક્ષુઓની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે.

## પહેલો ગુણ.

### દ્રવ્ય ન્યાયથી મેળવવું.

આર્ય નીતિકારોએ કહ્યું છે કે—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

વ્યવહાર–વિચક્ષણ પુરુષો નિંદા કરે કે સ્તુતિ કરે, લક્ષ્મી આવે કે ઇચ્છા પ્રમાણે ચાલી જાય, મરણ આજે જ આવે કે યુગ પછી આવે, પરંતુ ધીર પુરુષો ન્યાયના માર્ગમાંથી પગલું પણ પાછા હઠતા નથી. સારાંશ કે–ન્યાયપૂર્વક વર્તવું, એ સજ્જનોનો મુદ્રાલેખ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમાન્ હરિભદ્રસૂરિએ ધર્મબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે ' तत्र सामान्यतो गृहस्थधर्मः कुलक्रमागतमनिन्द्यं विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानमिति ॥ કુલપરંપરાથી આવેલું, નિંદારહિત અને વૈભવાદિકની અપેક્ષાએ જે ન્યાયપૂર્વક આચરણ તે ગૃહસ્થોનો સામાન્ય ધર્મ છે. ' તાત્પર્ય કે-ગૃહસ્થોએ પોતાના બાપદાદાઓએ ખેડેલો, સાધુ જનોએ જેનો નિષેધ ન કર્યો હોય તેવો અને અર્થોપાર્જનની દૃષ્ટિએ ન્યાયવાળો ધંધો કરીને પોતાની આજીવિકા ચલાવવી ઘટે છે.

બાપદાદાઓએ ખેડેલો ધંધો ખેડવામાં અનેક પ્રકારના લાભો રહેલા છે. પ્રથમ તો તેની પોતાને વ્યવહારુ તાલીમ મળેલી હોય છે એટલે તે સરળતાથી કરી શકાય છે; બીજું તે ધંધાનું ચોક્કસ ક્ષેત્ર તૈયાર થયેલું હોય છે એટલે ગ્રાહકો માટે ફાંફાં મારવા પડતા નથી અને ત્રીજું એ ધંધાની સફળતા અંગેનું રહસ્ય પોતાને સાંપડેલું હોય છે તેથી તે ધંધો ઉત્તમ રીતે કરી શકાય છે. બાપદાદાઓએ ખેડેલો ધંધો ખેડવાની પ્રથાથી સમાજરચના બરાબર જળવાઈ રહે છે અને કોઈ પણ વર્ગને નુકશાન ખમવાનો પ્રસંગ આવતો નથી. વેપારીનો પુત્ર વેપારી થાય, દરજીનો છોકરો દરજી થાય અને કુંભારનો છોકરો કુંભાર થાય, એટલે સહુ પોતપોતાના ધંધામાં નિષ્ણાત હોય અને તેથી પોતાના ભાગે આવેલું કર્ત્તવ્ય તે બરાબર બજાવી શકે. આમ છતાં એક સમયે આ દેશમાં એવી હવા ફેલાઈ કે ' બાપદાદાના કૂવામાં બૂડી મરાય નહિ,' અર્થાત્ બાપદાદાએ કર્યો તેવો જ ધંધો આપણે શા માટે કરવો ? આપણે તેમનાથી વધારે સારો ધંધો શા માટે ન કરી શકીએ ?'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ તર્ક દેખીતી રીતે સુંદર હોવા છતાં આત્મઘાતક હતો, કારણ કે એથી ખેડૂતના છોકરાને ખેતી કરતાં શરમ આવવા લાગી. તે મુખી, તલાટી કે મામલતદાર થવાનાં સ્વપ્નાં સેવવા લાગ્યો. કુંભારના છોકરાને વાસણ ઘડતાં શરમ આવવા લાગી અને તે નિશાળનો શિક્ષક કે વેપારી થવાના મનસૂબા ઘડવા લાગ્યો. વેપારીના છોકરાને વેપાર કરતાં શરમ આવવા લાગી. અને તે સરકારી અમલદાર કે કારીગર થવામાં ગૌરવ અનુભવવા લાગ્યો. આમ સહુ પોતપોતાના ધંધાનું ક્ષેત્ર છોડીને અન્ય ધંધાની શોધમાં પડતાં ધંધાનું અસલ ધોરણ તૂટી ગયું, એક પ્રકારની અવ્યવસ્થા ઉત્પન્ન થઈ અને બેકારીનો જન્મ થયો. તેનું પરિણામ એ આવ્યું કે વ્યાપાર અને કલા-કારીગરનું સુકાન પરદેશીઓના હાથમાં ચાલ્યું ગયું અને આપણી સ્થિતિ અત્યંત વિચિત્ર થઈ પડી. આજે વર્ષોનું શિક્ષણ લીધા પછી પણ એ પ્રશ્ન ઉઠે છે કે હવે શું કરવું ? અને અનેક જાતના અખતરાઓ કર્યા પછી ધંધામાં સ્થિરતા આવે છે, એ જ બતાવી આપે છે કે બાપદાદાએ ખેડેલો ધંધો ખેડવો વધારે સારો છે. આમ છતાં એ વાત અવશ્ય સ્વીકારવા જેવી છે કે બાપદાદાનો ધંધો જો નિંદ્ય હોય એટલે કે ચોરી કરવાનો, ધાડ પાડવાનો, વાટ મારવાનો, ઠગાઈ કરવાનો, દારુ ગાળવાનો, દારુ વેચવાનો, કૂટણખાના ચલાવવાનો, મનુષ્યોને પકડીને વેચવાનો કે પ્રાણીઓનો શિકાર કરવા વગેરેનો, તો તેનો ત્યાગ કરીને અનિંદ્ય ધંધાનો સ્વીકાર કરવો અને એ રીતે પોતાની આજીવિકા ચલાવવી.

મનુષ્યે પોતાની આજીવિકાને માટે રક્ષણ, વ્યાપાર, ખેતી, ઉદ્યોગ, નોકરી આદિ જે કોઇ વ્યવસાય સ્વીકાર્યો હોય તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયથી વર્તવું ઘટે છે, પણ અન્યાયથી વર્તવું ઘટતું નથી. સ્વામીનો દ્રોહ કરવો, મિત્રોને ઠગવા, વિશ્વાસુ જનોની વંચના કરવી, એક યા બીજા પ્રકારે ચોરી કરવી, લાંચ-રૂશ્વત લેવી કે દગો-ફટકો કરવો એ અન્યાય કહેવાય છે. અને તેનો ત્યાગ કરીને પ્રામાણિકપણે વર્તવું, તે ન્યાય કહેવાય છે.

પ્રજા પાસેથી કર-વેરા લઈ પ્રજાનું રક્ષણ ન કરવું એ અન્યાય છે. ઠરાવેલો ભાવ લીધા પછી એક વસ્તુ ઓછી આપવી, એકને બદલે બીજી આપી દેવી કે ઠરાવેલા સમયે ન આપવી, એ પણ અન્યાય છે. અને શેઠ કે માલીકે સોંપેલું કામ બરાબર ન કરવું કે તેમાં જાણીબૂઝીને બગાડ કરવો યા લાંચ-રૂશ્વત લઈને તેને નુકશાન પહોંચાડવું એ પણ અન્યાય છે. વળી શેઠ કે માલીકના પૈસાથી પોતાનો ખાનગી ધંધો કરવો અને નુકશાન આવે તો તેના ખાતે ઉધારવું કે પેઢી યા કારખાનાનાં માણસો પાસે પોતાનું ઘર-ખાનગી કામ કરાવવું, એ પણ અન્યાય છે. તે જ રીતે એક ધંધામાં ભાગીદાર તરીકે જોડાયા પછી સહિયારી મૂડીનો પોતાના ખાનગી ધંધામાં ઉપયોગ કરવો કે સહિયારી મિલકતને ઉચાપત કરવી, એ પણ અન્યાય છે. તેજ રીતે એક અજાણ્યો મનુષ્ય આપણી પાસે અમુક વસ્તુ લેવા આવે કે અમુક કામ કરાવવા આવે, તેની પાસેથી મુકરર ભાવ કરતાં વધારે ભાવ લઈ લેવો, એ પણ અન્યાય છે.

નિર્ગ્રંથ મહર્ષિઓ કહે છે કે—

**न्यायोपात्तं हि वित्तमुभयलोकहितायेति ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય જ આ લોક અને પરલોકમાં હિતકારી થાય છે. કારણ કે—

**अनभिशंकनीयतया परिभोगाद्विधिना तीर्थगमनाच्चेति ।**

તેનો ઉપભોગ નિઃશંકપણે થઈ શકે છે અને તેના વડે તીર્થગમન વગેરે વિધિપૂર્વક થઇ શકે છે. અહીં નિઃશંક ઉપભોગ એ આ લોકને હિતકારી છે અને વિધિપૂર્વકનું તીર્થ-ગમન એ પરલોકને હિતકારી છે, એટલે ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય ઉભય લોકને હિતકારી થાય છે, એમ સમજવાનું છે.

નીતિકારોએ પણ સ્પષ્ટ જ કહ્યું છે કે—

**सर्वत्र शुचयो धीराः स्वकर्मबलगर्विताः ।**
**कुकर्मनिहतात्मानः पापाः सर्वत्र शङ्किताः ॥**

પોતાનાં કાર્યો અને બલથી ગર્વિત એવા ધીર પુરુષો સર્વત્ર પવિત્ર અંતઃકરણવાળા અથવા સ્વસ્થ મનવાળા હોય છે, ત્યારે પોતાનાં કુકર્મોથી હણાયેલા પાપીઓ સર્વત્ર શંકાશીલ હોય છે. તાત્પર્ય કે ન્યાય–નીતિથી વર્તનારા પુરુષો પોતાનાં કામ અને બલનો ગર્વ લઇ શકે છે અને તેમના મનમાં કોઈપણ પ્રકારનો ભય હોતો નથી, ત્યારે અન્યાય–અનીતિનું આચરણ કરનારા પાપી પુરુષો પોતાનાં કામ અને બળનો ગર્વ લઇ શકે એવી સ્થિતિમાં હોતા નથી, એટલું જ નહિ પણ પોતાનાં પાપ રખે ખુલ્લાં પડી જાય એ ભીતિથી સદા શંકાશીલ હોય છે.

મહાપુરુષોએ એ વાત પ્રચંડ ઉદ્ઘોષણા કરીને કહી છે કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति विवशाः सर्वसम्पदः ॥

જેમ કૂવાની પાસે દેડકાઓ અને પૂર્ણ સરોવરની પાસે પક્ષીઓ પોતાની મેળે જ ચાલ્યા આવે છે, તેમ શુભકર્મવાળા પુરુષોની પાસે સર્વ સંપત્તિઓ વિવશ થઇને-આધીન થઇને ચાલી આવે છે.

અનુભવ પણ એ જ કહે છે કે-ન્યાય, નીતિ, પ્રામાણિકતા અને સત્ય હોય ત્યાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે અને વિશ્વાસ ઉત્પન્ન થાય છે ત્યાં જ વેપાર-રોજગારની જડ જામે છે. એથી ઊલટું જ્યાં અન્યાય, અનીતિ, અપ્રામાણિકતા અને અસત્ય હોય છે ત્યાં અવિશ્વાસ ઉત્પન્ન થાય છે અને અવિશ્વાસ ઉત્પન્ન થતાં જામેલા વેપાર-રોજગાર પણ તૂટી જાય છે. તેથી જ મહર્ષિઓનું એ કથન સર્વથા ઉચિત છે કે—

अहितायैवान्यदिति ।

'ન્યાયથી અન્ય રીતે વર્તતાં અહિત થાય છે.'

'હાલ તો ગમે તેમ કરીને ધન પેદા કરી લેવા દો, પછી તેનાથી દાન-પુણ્ય કરીશું એ વિચાર ભૂલભરેલો છે. અન્યાયથી મેળવેલા લાખો રૂપિયાના દાન કરતાં ન્યાય-નીતિથી મેળવેલા ધનની એક કોડી પણ અધિક મૂલ્યવાન છે. જો એમ ન હોત તો ગિરનાર તીર્થની પાગ બંધાવતી વેળા સાજણ મંત્રીએ ભીમાકુંડલિયાનો રૂપિયો પહેલો શા માટે નોંધ્યો હોત? પહેલાં પાપ કરવું અને પછી તેનાં નિવારણ માટે દાન કરવું, એના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં પાપ ન કરવું અને પવિત્ર રહેવું એ જ વધારે શ્રેયસ્કર છે. એટલે અભ્યુદયની ઈચ્છા રાખનારાએ અમર્યાદિત ધનલાલસાને કાબૂમાં રાખી જરૂરિયાત જેટલું દ્રવ્ય નીતિથી કમાવાનો સંકલ્પ કરવો ઘટે છે.

'ચોરીનું ચંડાળે જાય, પાપી હાથ ઘસતો થાય.' 'દૂધના દૂધમાં અને પાણીનાં પાણીમાં.' 'દગો કોઈનો સગો નહિં.' વગેરે કહેવતો પણ એ જ વાત ફરી ફરીને કહે છે કે 'લક્ષ્મીની લાલચમાં ફસાઈને કદી પણ ચોરી કરશો નહિ, દગાનો આશ્રય લેશો નહિ, અપ્રમાણિકતાથી વર્તશો નહિ.'

અનીતિથી કમાયેલું ધન સદ્‌વિચારો અને સદ્‌વર્તનનો નાશ કરે છે, ત્યારે નીતિથી કમાયેલું ધન સદ્‌વિચારો અને સદ્‌વર્તનને જન્મ આપે છે. આ વાતની વિશેષ પ્રતીતિ થવા માટે અહીં એક દૃષ્ટાંત રજૂ કરીશું.

## અનીતિ અને નીતિનું દ્રવ્ય.

એક રાજાને વિશાળ રાજમહેલ બંધાવવાની ઈચ્છા થઈ. આ મહેલ અતિભવ્ય અનેક સગવડતાવાળો કલાત્મક બનાવવાની ઈચ્છા હતી. આથી તેણે કુશલ સ્થપતિઓને બોલાવી સુયોગ્ય સ્થાનની પસંદગી કરી અને કયા દિવસે ખાતમુહૂર્ત કરવું, તે માટે જોશ જોવડાવ્યો.

જોશીએ જોશ જોઈને કહ્યું કે અમુક તિથિએ, અમુક વારે, અમુક નક્ષત્રે, અમુક યોગમાં જો આ રાજમહેલનું ખાતમુહૂર્ત્ત થશે તો આપનો દશે દિશામાં ડંકો વાગશે અને આપની ઋદ્ધિ-સિદ્ધિ જોઈને ઇંદ્રને પણ શરમાવું પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાએ એ મુહૂર્ત કબૂલ રાખ્યું અને તે માટે લાગતા-વળગતા અધિકારીઓને ઘટતી તૈયારીઓ કરવાનો હુકમ આપ્યો.

તૈયારીઓ પૂર ઝડપે થવા લાગી. એમ કરતાં નિર્ધારિત દિવસ આવી પહોંચ્યો.

એક વિશાળ સુશોભિત મંડપ બંધાયો છે. તેની મધ્યમાં રત્નજડિત સિંહાસન પર રાજા બિરાજમાન થયો છે. બાજુમાં સુવર્ણમય સિંહાસનો ઉપર મંત્રીઓ બેઠા છે અને તેમની નજીકમાં શેઠ, શાહુકારો, સામંતો, પુરોહિતો, પંડિતો અને અન્ય નગરજનોએ પોતપોતાનાં સ્થાન લઈ લીધાં છે.

સર્વત્ર આનંદ છે; સર્વત્ર ઉત્સાહ છે; નવો રાજમહેલ કેવો થશે, તે વિષે જાતજાતની અટકળો થઈ રહી છે. મુહૂર્તનો સમય પ્રતિપળે નજીક આવી રહ્યો છે.

એવામાં જોશીએ કહ્યું: 'મહારાજ ! જો આ મહેલના પાયામાં પાંચ રત્નો નાખવામાં આવશે, તો કાર્ય ઘણું ઉત્તમ થશે.'

રાજાએ કહ્યું: 'આપણી પાસે રત્નોનો તોટો નથી. તમે પાંચ કહો તો પાંચ, દસ કહો તો દસ અને વીસ કહો તો વીસ રત્નો, આ ઘડીએ જ મંગાવી આપું છું.'

ત્યારે જોશીએ કહ્યું: 'મહારાજ ! એ તો હું પણ જાણું છું કે આપનો ભંડાર સુવર્ણ, મુક્તા, મણિ અને વિવિધ પ્રકારનાં રત્નોથી ભરપૂર છે, પણ આ કાર્યમાં તો એવાં રત્નોની જરૂર છે કે જે ન્યાયથી જ મેળવેલાં હોય, તેમાં અન્યાયથી મેળવેલાં રત્નો બિલકુલ ચાલી શકે નહિ.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સાંભળી રાજા વિચારમાં પડ્યો, કારણ કે પોતાના ભંડારમાં જમા થયેલું સઘળું દ્રવ્ય ન્યાયનું જ છે અને અન્યાયનું નથી, એવી ખાતરી તેના દિલમાં ન હતી.

રાજાની આ મૂંઝવણ જોઇ જોશીએ કહ્યું: ' મહારાજ! અહીં મોટો સમુદાય એકત્ર થયેલો છે, તેને પૂછી જુઓ કે કોઇની પાસે ન્યાયપૂર્વક મેળવેલાં પાંચ રત્નો છે?' રાજાને આ સૂચના ગમી એટલે તેણે પૂછપરછ શરૂ કરી.

' બોલો મંત્રીશ્વર! તમારી પાસે ન્યાયથી મેળવેલાં પાંચ રત્નો છે?'

પ્રત્યુત્તરમાં મંત્રીશ્વર ચૂપ રહ્યા. એટલે બીજા મંત્રીઓને પૂછવામાં આવ્યું, પરંતુ તેમણે પણ મૌનનો જ સ્વીકાર કર્યો. પછી નગરશેઠને પૂછવામાં આવ્યું, અન્ય શ્રીમંતોને પૂછવામાં આવ્યું, સામંતો અને સરદારોને પૂછવામાં આવ્યું અને પુરોહિતો તથા પંડિતોને પણ પૂછવામાં આવ્યું, પરંતુ તેમાંના કોઇએ હા ભણી નહિ.

આ જોઈ રાજાના ખેદ અને આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે બોલી ઉઠ્યો: ' શું આવડા મોટા માનવ સમુદાયમાં કોઇ નીતિવાળો માણસ જ નથી?'

તે વખતે જોશીએ કહ્યું: ' મહારાજ! આપણા નગરમાં એક નીતિવાન શેઠ રહે છે. તેની સ્થિતિ મધ્યમ છે, એટલે તેની પાસે રત્નો હોવાનો તો સંભવ નથી, પરંતુ તેની કમાણીની પાંચ સોનામહોરો મળી જાય તો પણ આપણું ધાર્યું કામ થઈ જશે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાએ કહ્યું: 'જો એમ જ હોય તો તેની પાસેથી સોના-મહોરો હમણાં ને હમણાં મંગાવી લઇએ.' પછી તેણે નીતિવાન શેઠને તેડવા માટે ગાડી સાથે રાજસેવકોને મોકલ્યા અને જણાવ્યું કે 'પાંચ સોનામહોરો લઈને હમણાં ને હમણાં આવી જાવ.'

રાજસેવકો નીતિવાન શેઠને ત્યાં પહોંચ્યા અને રાજાનો સંદેશો કહી સંભળાવ્યો, એટલે તે પાંચ સોનામહોરો લઇને ઉત્સવનાં સ્થાને આવવાને તૈયાર થયો, તે વખતે રાજસેવકોએ કહ્યું કે 'આપને માટે મહારાજાએ ગાડી મોકલી છે, માટે તેમાં વિરાજો.' પણ નીતિવાન શેઠે જણાવ્યું કે 'આ ગાડીમાં બેસવાનો અધિકાર નથી. હું તો પગે ચાલીને જ આવીશ.'

નીતિવાન શેઠ આવી પહોંચતાં રાજાએ તેનું સ્વાગત કર્યું અને પ્રશ્ન પૂછયો કે 'હે શેઠ! તમે આજ સુધીમાં કોઈ પણ વખત અન્યાય કર્યો છે?'

નીતિવાન શેઠે કહ્યું: 'મહારાજ! મારી યાદદાસ્તી પ્રમાણે મેં આજ સુધીમાં કોઇ પણ પ્રકારનો અન્યાય કર્યો નથી.'

રાજાએ બીજો પ્રશ્ન પૂછયો: 'તમારી આજીવિકા શી રીતે ચલાવો છો?'

શેઠે કહ્યું: 'મહારાજ! હું રૂપિયાની વસ્તુ લાવું છું અને સવા રૂપિયે વેચું છું. કોઇને ઓછું આપતો નથી કે કોઇની પાસેથી વધારે લેતો નથી. મારી દુકાને બાળક આવે કે બૂઢો આવે, સહુને માટે એક સરખો જ ભાવ છે. આ રીતે નીતિથી કમાઉં છું ને તે વડે મારી આજીવિકા ચલાવું છું.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાએ કહ્યું: 'શેઠ! તમારી આ હકીકત સાંભળીને હું ઘણો જ પ્રસન્ન થયો છું, હવે અમારું એક કામ કરો. મેં બંધાવવા ધારેલા નવા રાજમહેલનું આજે ખાતમુહૂર્ત છે, તેમાં નીતિનું દ્રવ્ય નાખવાની જરૂર છે, તો તમારી કમાણીની પાંચ સોનામહોરો આપો. તેના બદલામાં તમે માગશો તેટલું બીજું ધન આપીશ.'

શેઠે કહ્યું: 'મહારાજ! અનીતિના ક્રોડો રૂપિયા કરતાં નીતિની એક કોડી પણ વધારે મૂલ્યવાન છે, એમ હું માનનારો છું, એટલે તેવા ધનનો મારાથી સ્વીકાર થઇ શકશે નહિ. વળી મારો એવો સંકલ્પ છે કે નીતિની કમાણીમાંથી જે કંઇ વધારો પડે તેનો ઉપયોગ દાન, પુણ્ય કે તીર્થયાત્રામાં કરવો, પણ તે સિવાય અન્યકાર્યમાં કરવો નહિ, એટલે આપે માગેલી સોના-મહોરો મારાથી આપી શકાશે નહિ.'

શેઠનો આ ઉત્તર સાંભળતાં જ રાજા રાતોપીળો થઇ ગયો અને આંખ કાઢીને બોલ્યો કે 'શેઠ! હું તો સમજતો હતો કે તમે ભલા માણસ છો અને રાજાને પૂરા વફાદાર છો. પણ તમારો જવાબ બતાવી આપે છે કે તમને તમારી નીતિનું અભિમાન થયું છે અને તે એટલી હદ સુધી કે ભરસભામાં મારું અપમાન કરતાં જરા પણ અચકાતા નથી.'

શેઠે કહ્યું : 'મહારાજ! અવિનય થતો હોય તો માફ કરજો પણ મારી નીતિની કમાણીનું દ્રવ્ય હું આ કાર્યમાં આપી શકીશ નહિ.'

આ શબ્દો સાંભળતાં જ રાજાએ શેઠને પકડવાનો હુકમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો પણ તે જ વખતે જોશી મહારાજ વચ્ચે પડ્યા અને બોલી ઊઠ્યા : 'રાજન્! ખામોશ કરો. તમે આ રીતે શેઠ પાસેથી સોનામહોરો મેળવશો તે આપણા કામમાં આવશે નહિ, કારણ કે કોઇની વસ્તુ તેની મરજી વિરુદ્ધ બળજબરીથી પડાવી લેવી એ અન્યાય છે.'

જોશીનાં આ વચનો રાજાની આંખ ઉઘાડનારાં બન્યાં. તેને તરતજ ખ્યાલ આવી ગયો કે-પોતે એક ગંભીર ભૂલ કરી છે અને મુહૂર્ત સાચવી લેવા માટેની જે છેલ્લી તક હતી, તે એણુ ગુમાવી દીધી છે. પરંતુ આ ઘટનાએ રાજાના દિલમાં એવો વિચાર પેદા કર્યો કે અનીતિ અને નીતિની કમાણીનાં દ્રવ્યનું શું પરિણામ આવે છે, તે મારે જરૂર જોવું. એટલે પોતાની પાસેથી એક સોનામહોર કાઢી સેવકના હાથમાં આપી અને તેને જણાવ્યું કે આ સોનામહોર કોઇ મહાત્મા પુરુષને આપજે અને તેનું શું પરિણામ આવે છે, તે જણાવજે. પછી બીજી સોનામહોર શેઠ પાસેથી લીધી અને તે બીજા સેવકને આપી જણાવ્યું કે આ સોનામહોર કોઇ પાપીમાં પાપી મનુષ્યને આપજે અને તેનું શું પરિણામ આવે છે, તે જણાવજે.'

માલીકની આજ્ઞાનો અમલ કરવા બંને સેવકો ચાલી નીકળ્યા. તેમાં રાજાની સોનામહોરવાળો સેવક ગંગાનદીના કિનારે ગયો કે જ્યાં એક સાધુપુરુષ ધ્યાન ધરીને બેઠા હતા. તેણે આજુબાજુના લોકોને પૂછ્યું તો જણાયું કે તે બાળબ્રહ્મચારી છે અને છેલ્લા ત્રીસ-પાંત્રીસ વર્ષથી આ રીતે અહીં બેસીને તપશ્ચર્યા કરે છે. એટલે સેવકે વિચાર કર્યો કે 'આથી મોટો મહાત્મા બીજો કોણ મળવાનો છે? માટે રાજાની સોનામહોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને જ આપી દઉં.' અને તેણે પોતાની પાસેથી સોનામહોર ધીમે રહીને તે સાધુપુરુષની આગળ મૂકી દીધી અને શું બનાવ બને છે, તે ગુપ્ત રીતે જોવા લાગ્યો.

થોડી વારે પેલા સાધુનું ધ્યાન પૂરું થયું અને તેની આંખો ઊઘડી ગઈ કે–આ સોનામહોર તેની નજરે પડી. આથી તે વિચારવા લાગ્યો કે–'આ સોનામહોર અહીં ક્યાંથી આવી? શું કોઇએ તેનું દાન કર્યું હશે કે મારી પરીક્ષા કરવા માટે જ અહીં મૂકી હશે?' આસપાસ નજર કરી તો કોઇ જણાયું નહિ, એટલે મનમાં નિર્ણય કર્યો કે 'આ સોનામહોર મારી લાંબી તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલા કોઇ દેવે જ અહીં મૂકેલી છે.' પછી તે સોનામહોર હાથમાં લઇને વિચાર કરવા લાગ્યો કે 'આનું શું કરું? એનાથી ફળ–ફૂલ ખરીદું? મેવા–મીઠાઇ ખરીદું કે અન્ય કોઇ મોજમજાહ કરું?' એમ અનેકાનેક અભિલાષાઓ કરતાં તેનાં મનમાં સુંદરીના સુખભોગનો સંકલ્પ પસાર થયો અને પરિણામે તે સાધુએ એક વેશ્યાને ત્યાં જઇ પેલી સોનામહોર વડે સ્ત્રી–સુખનો આસ્વાદ લીધો. રાજાનો નોકર પોતાના માલીકની સોનામહોરનું આવું પરિણામ જોઇને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો.

શેઠની સોનામહોરવાળો નોકર પણ ફરતો ફરતો ગંગાતટે ગયો અને ત્યાં એક માછીમારના માથે માછલાંનો ટોપલો તથા ખભે જાળ જોઇને વિચારવા લાગ્યો કે–આનાથી વધારે પાપી બીજો કોણ મળવાનો હતો? માટે શેઠની સોનામહોર એને જ

૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી દઉં. અને તેણે એ સોનામહોર માછીમારને આપી દીધી. હવે તે માછીમારે પોતાની જિંદગીમાં કોઈવાર સોનામહોર જોઈ ન હતી, એટલે તે જોઇને તેને અનેક જાતના વિચારો આવવા લાગ્યાઃ 'હું સવારથી સાંજ સુધી માછલાં પકડું છું અને ઘરના માણસો તેને બજારમાં વેચે છે, ત્યારે માંડમાંડ અમારો પેટ-ગુજારો થાય છે. પરંતુ આજે તો પરમાત્માની કૃપાથી એક આખી સોનામહોર મળી ગઈ છે, માટે પકડેલાં માંછલાંને પાણીમાં પાછા પધરાવી દઉં અને કંઈક પુણ્ય હાંસલ કરું.' આમ વિચારી તેણે પકડેલાં માછલાંને પાણીમાં મૂકી દીધાં અને ટોપલો ખાલી કરીને ઘેર આવ્યો.

ઘરવાળાએ તેને પૂછયું કે 'રોજ તો માછલાં પકડીને સાંજે ઘેર આવો છો ને આજે અત્યારમાં કેમ?' ત્યારે માછીમારે જણાવ્યું કે 'આજે રાજાના સેવકે એક સોનામહોર ઇનામમાં આપી, એટલે આપણને થોડા દિવસની રોજી મળી ગઇ તેથી મેં વિચાર કર્યો કે-આજે નાહક પાપ શા માટે કરવું? અને પકડેલાં માછલાંને પાણીમાં છોડી દઈ ઘેર આવ્યો.' આ સાંભળી ઘરવાળા બોલી ઉઠયા! 'તમે ઘણું સારું કર્યું. હવેથી આપણે બીજી મહેનત-મજૂરી કરીને પેટ ભરશું પણ માછલાં તો નહિ જ પકડીએ. ખરેખર! આ ધંધો ઘણો જ પાપી છે,' અને તે માછીમારના કુટુંબે તે દિવસથી માછલાં પકડવાનું છોડી દીધું. રાજાનો સેવક આ જોઈ અતિ આશ્ચર્ય પામ્યો.

બંને સેવકોએ સોનામહોરનાં પરિણામ રાજાને કહી સંભળાવ્યા. એ સાંભળીને રાજાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ક્ષણે જ તેણે નિશ્ચય કર્યો કે ' હવે પછી અન્યાયથી દ્રવ્ય મેળવવું નહિ. '

## બીજો ગુણ

## શિષ્ટાચારની પ્રશંસા કરવી.

શ્રીમાન્ હરિભદ્રસૂરિએ ધર્મબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે—

**तथा शिष्टचरितप्रशंसनमिति ॥**

તેમજ શિષ્ટ પુરુષોનાં આચરણની સદા પ્રશંસા કરવી.

જ્ઞાનવૃદ્ધ પુરુષોની પાસે રહીને શુદ્ધ શિક્ષા પ્રાપ્ત કરનારા પુરુષો શિષ્ટ કહેવાય છે. તેમનું આચરણ સામાન્ય રીતે આવું હોય છે: (૧) સર્વની નિંદાનો ત્યાગ કરવો. (૨) સજ્જન પુરુષોની પ્રશંસા કરવી. (૩) આપત્તિમાં ધૈર્ય ધારણ કરવું. (૪) સંપત્તિમાં નમ્રતા રાખવી. (૫) પ્રસ્તાવોચિત મિત ભાષણ કરવું. (૬) વૃથા વિવાદનો ત્યાગ કરવો. (૭) સ્વીકારેલાં કાર્યને પાર પાડવું. (૮) કુલધર્મનું પાલન કરવું. (૯) નકામા ખર્ચનો ત્યાગ કરવો. (૧૦) મુખ્ય કાર્ય કરવામાં આગ્રહ રાખવો. (૧૧) પ્રમાદનો ત્યાગ કરવો. (૧૨) લોકાચારનું પાલન કરવું. (૧૩) ઉચિત પ્રવૃત્તિ કરવી. (૧૪) કંઠે પ્રાણ આવ્યા હોય તો પણ અનુચિત પ્રવૃત્તિ કરવી નહિ. વગેરે.

કહ્યું છે કે—

**स्वच्छाशयाः प्रकृत्या, परहितकरणोद्यता रता धर्मे ।**
**संपदि न गर्वभाजो, विपदि न मुह्यन्ति सत्पुरुषाः ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્પુરુષો સ્વભાવથી જ સ્વચ્છ આશયવાળા, પરોપકાર કરવામાં તત્પર અને ધર્મમાં રત હોય છે. તેઓ સુખના સમયમાં છકી જતા નથી અને દુઃખના સમયમાં હિમ્મત હારતા નથી.

विपदि धैर्यमथाभ्युदये क्षमा,
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ,
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥

વિપત્તિ-સમયે ધૈર્ય, ઉન્નતિના સમયમાં ક્ષમા, ગૃહમાં યોગ્ય વાણીવ્યવહાર, યુદ્ધમાં પરાક્રમ, યશની આકાંક્ષા અને શાસ્ત્ર સાંભળવાનું વ્યસન, આટલી વસ્તુઓ મહાપુરુષોને પ્રકૃતિથી જ પ્રાપ્ત થયેલી હોય છે.

गर्वं नोद्वहते न निन्दति परं नो भाषते निष्ठुरं,
प्रोक्तं केनचिदप्रियं च सहते क्रोधं न चालम्बते ।
श्रुत्वा काव्यमलक्षणं परकृतं संतिष्ठते मूकवद्,
दोषान् छादयते स्वयं न कुरुते ह्येतत् सतां चेष्टितम् ॥

સત્પુરુષો ગર્વને ધારણ કરતા નથી, બીજાની નિંદા કરતા નથી, કઠોર વચન બોલતા નથી, કોઈએ કદાચ અપ્રિય કહ્યું હોય તો સહન કરી લે છે પણ ક્રોધનો આશ્રય લેતા નથી, બીજાએ કરેલું લક્ષણહીન કાવ્ય સાંભળવામાં આવે તો મૂંગાની જેમ ઊભા રહે છે (પણ તેને ઉતારી પાડતા નથી) અન્યના દોષોને ઢાંકે છે અને સ્વયં દોષો કરતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણવાન પર પ્રીતિ રાખનાર, ગુણોનું અનુમોદન કરનાર અને સર્વ સ્થળેથી ગુણ ગ્રહણ કરનાર અવશ્ય ગુણવાન્ બને છે તેથી જ કોઇ કવિએ કહ્યું છે કે 'ગુણ ગ્રહણ કરવા યત્ન કરો. મોટા આડંબરનું શું પ્રયોજન છે? દૂધ વગરની ગાયો મોટી ઘુઘરમાળ બાંધવાથી વેચાતી નથી પણ તે દૂધના ગુણ ઉપરથી જ વેચાય છે.'

## ત્રીજો ગુણ.

## વિવાહ સમાન કુલ-શીલાદિવાળા પણ અન્યગોત્રી સાથે કરવો.

**કુલ** એટલે પિતા, પિતામહ વગેરે પૂર્વપુરુષોનો વંશ. **શીલ** એટલે આચાર. **આદિ** શબ્દથી વૈભવ, વેષ, ભાષા વગેરે સમજવા. એક પુરુષથી ચાલ્યા આવતા વંશમાં જેનો જન્મ થયો હોય તેને સ્વગોત્રી કહેવાય છે અને અન્ય પુરુષથી ચાલ્યા આવતા વંશમાં જેમનો જન્મ થયો હોય તેમને અન્યગોત્રી કહેવાય છે.

લાંબા કાલના વ્યવધાનથી જેમનો સંબંધ તૂટી ગયો હોય, તેમની ગણના પણ અન્યગોત્રીમાં થાય છે. તાત્પર્ય કે-જેનું કુલ આપણા કુલ જેવું હોય, જેનો આચાર આપણા જેવો હોય, જેની આર્થિક સ્થિતિ લગભગ આપણા જેવી હોય, જેનો વેષ તથા ભાષા પણ આપણા જેવી જ હોય અને જે અન્યગોત્રી હોય તેની સાથે વિવાહ કરવો ઉચિત છે.

ઉત્તમ કુલના સંસ્કારો ઉત્તમ હોય છે, હલકા કુલના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્કારો હલકા હોય છે. તે એકદમ બદલી શકાતા નથી. તેથી ઉત્તમ કુલવાળા અને હલકા કુલવાળાનો વિવાહસંબંધ થાય તો જીવનવ્યવહાર મુશ્કેલીવાળો થઈ પડે છે.

આચારનું ધોરણ જુદું જુદું હોય ત્યાં પણ ભિન્ન ભિન્ન રુચિને લીધે વિસંવાદ ઊભો થતાં વાર લાગતી નથી. એક પક્ષ પ્રભુભક્તિ, જ્ઞાનોપાસના, સાધુસંતોની સેવા અને સાત્ત્વિક આહાર-વિહારમાં માનનારો હોય અને બીજો પક્ષ નાસ્તિક હોય, જ્ઞાનની રુચિવાળો ન હોય, સાધુસંતો પ્રત્યે નફરત ધરાવતો હોય કે માંસ-મદિરા અને કંદમૂળ વગેરેનાં ભક્ષણની રુચિવાળો હોય તો સહજમાં વિરુદ્ધતા ઉત્પન્ન થાય છે અને ગૃહવ્યવહાર ક્લેશમય બની જાય છે.

ધાર્મિક માન્યતા જીવનના દરેક વ્યવહાર પર અસર કરનારી હોય છે, એટલે વિવાહસંબંધ સમાન ધર્મવાળા સાથે કરવો જ ઉચિત છે.

આર્થિક સ્થિતિ પરત્વે પણ તેમજ સમજવાનું છે. પતિ પૈસાદાર ઘરનો હોય અને પત્ની ગરીબ ઘરની હોય ત્યાં પત્નીનું માન-પાન જોઇએ તેવું જળવાતું નથી. કદી પતિ તેના પ્રત્યે સ્નેહવાળો હોય તો પણ સાસુ, નણંદ વગેરે તેને મેણાં-ટોણાં માર્યા વિના રહેતાં નથી. અને આજના જમાનામાં તો પૈસાદાર પતિને ગરીબ પત્ની સાથે વાંધો પડ્યો કે તેને છોડી દેતાં પણ વાર લાગતી નથી. તે જ રીતે પતિ જો ગરીબ સ્થિતિનો હોય અને પત્ની પૈસાવાળાની પુત્રી હોય તો એ પતિને ભાગ્યેજ ગાંઠે છે અથવા તેને તાબેદાર સેવક જેવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવી દે છે. એટલે વિવાહસંબંધ તેની સાથે જ જોડવો કે જેની આર્થિક સ્થિતિમાં બહુ મોટો તફાવત ન હોય.

વેશ અને ભાષાની અતિ ભિન્નતા પણ અરસપરસના વ્યવહારને વિસંવાદી બનાવે છે. પતિ ગુજરાતી બોલતો હોય અને પત્ની તેલુગુ બોલતી હોય કે પતિ બંગાળી બોલતો હોય અને પત્ની કચ્છી બોલતી હોય ત્યાં એક બીજા એક-બીજાને કેટલા અંશે સમજી શકે ? અને તેમનો વ્યવહાર કેવો ચાલે ? એ સમજવું મુશ્કેલ નથી.

વિવાહસંબંધ જોડવામાં બીજી પણ ઘણી બાબતો જોવાની રહે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે 'મૂર્ખ, નિર્ધન, દૂર દેશાવર રહેનારો, જુદી ભાષા બોલનારો, અનેક સાથે વેરવિરોધ કરનારો, મોક્ષનો અભિલાષી, અતિ શૂરવીર (વાતવાતમાં લડી પડનારો) અને કન્યા કરતાં ત્રણગણી અધિક ઉંમરવાળો પતિ કન્યા આપવાને માટે અયોગ્ય છે. તે જ રીતે લૌકિક ગીતોમાં ગવાય છે કે—

એક ઊંચો તે વર નવ જોશો રે દાદા,
ઊંચો તે નિત્ય નેવાં ભાંગશે.

એક નીચો તે વર નવ જોશો રે દાદા,
નીચો તે નિત્ય ઠેલે આવશે.

એક ધોળો તે વર નવ જોશો રે દાદા,
ધોળો તે આપ વખાણશે.

એક કાળો તે વર નવ જોશો રે દાદા,
કાળો તે કુટુંબ લજાવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પણ ધ્યાનમાં લેવા લાયક છે.

પતિ મૂર્ખ હોય અને પત્ની ભણેલી-ગણેલી હોય તે એક પ્રકારનું કજોડું છે. એ રીતે પતિ ઘણો ભણેલો હોય અને પત્ની કાળા અક્ષરને કૂટી મારનારી હોય તે પણ એક પ્રકારનું કજોડું છે. અથવા પતિ બહુ મોટી ઉમરનો હોય ને પત્ની બાળા હોય કે પતિ નાનો હોય ને પત્ની મોટી હોય તે પણ એક પ્રકારનું કજોડું છે. આવા કજોડાંઓથી સંસાર સુખમય બની શકતો નથી.

સ્વગોત્રી સાથે વિવાહસંબંધ ન કરવાનું મુખ્ય કારણ એ છે કે એક જ ગોત્રવાળાઓથી જે પ્રજા ઉત્પન્ન થાય છે તે નબળી હોય છે. એટલે આવા પ્રકારના વિવાહસંબંધો થાય તો સમસ્ત પ્રજા થોડા જ સમયમાં નબળી પડી જાય અને તે વ્યવહાર કે ધર્મનાં કોઈ કાર્યો યોગ્ય રીતે કરી શકે નહિ.

અગ્નિ કે દેવની સાક્ષીએ કરેલું પાણિગ્રહણ વિવાહ કહેવાય છે, તે શાસ્ત્રકારોવડે આઠ પ્રકારનો મનાયેલો છે:

(૧) **બ્રાહ્મ-વિવાહ**-જેમાં વસ્ત્રાભૂષણથી અલંકૃત કરેલી કન્યા વરને આપવામાં આવે છે અને 'તું આ મહાભાગ પુરુષની સમાન ધર્મમાં ચાલનારી થા' એમ કહેવામાં આવે છે.

(૨) **પ્રાજાપત્ય-વિવાહ**-જેમાં કન્યાનો પિતા વિનિયોગથી દ્રવ્ય આપી કન્યાદાન કરે છે.

(૩) **આર્ષ-વિવાહ**-જેમાં ગાયના જોડલાં સાથે કન્યા આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) **દૈવ-વિવાહ**-જેમાં યજ્ઞને માટે વરેલા બ્રાહ્મણને દક્ષિણામાં કન્યા આપવામાં આવે છે.

(૫) **ગાંધર્વ-વિવાહ**-જેમાં સ્ત્રી-પુરુષ પરસ્પરના અનુરાગથી જોડાય છે.

(૬) **આસુરી-વિવાહ**-જેમાં કોઇ પણ જાતનું પણ (સાટું) કરીને કન્યા અપાય છે.

(૭) **રાક્ષસ-વિવાહ**-જેમાં બળાત્કારે કન્યાને ઉપાડી લાવી વિવાહ કરવામાં આવે છે.

(૮) **પૈશાચ-વિવાહ**-જેમાં સૂતેલી કે ગફલતમાં રહેલી કન્યાનું હરણ કરી તેની સાથે વિવાહસંબંધ બાંધવામાં આવે છે.

આ આઠ પ્રકારના વિવાહો પૈકી પ્રથમના ચાર ધર્મ્ય-વિવાહ છે, કારણ કે તે ગૃહસ્થને યોગ્ય દેવપૂજન વગેરે વ્યવહારના મુખ્ય કારણરૂપ છે અને માતા, પિતા, બંધુજન વગેરેને પ્રમાણ છે. પછીના ચાર અધર્મ્ય-વિવાહ છે, કારણ કે તેનાથી ગૃહસ્થને યોગ્ય દેવપૂજન આદિ વ્યવહાર સચવાતો નથી અને તે માતા, પિતા, બંધુજન વગેરેની સંમતિ વિના થયેલા હોય છે. આમ છતાં જો આવો વિવાહ અરસપરસનો અનુકૂળ પડે તો એ અધર્મ્ય લેખાતો નથી.

'સીવીલ મેરેજ' એ એક પ્રકારનો ગાંધર્વ-વિવાહ છે. કન્યાનો વિક્રય કરવો કે વરનો વિક્રય કરવો એ એક પ્રકારનો આસુરી વિવાહ છે. અને ધર્મ ઝનૂનથી કે બીજા કોઈ કારણે કન્યાઓનું અપહરણ કરીને તેની સાથે વિવાહસંબંધ જોડવા એ રાક્ષસ વિવાહ છે. તે જ રીતે કોઇને લાલચમાં ફસાવી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના ભોળપણનો લાભ લઈ કે બીજી યુક્તિ-પ્રયુક્તિઓનો આશ્રય લઇ તેને પોતાની સાથે વિવાહ કરવાની ફરજ પાડવી એ પૈશાચ-વિવાહ છે.

વિવાહના આ પ્રકારોનું રહસ્ય સમજી ધર્મ્ય-વિવાહનો આશ્રય લેવામાં આવે તો ગૃહસ્થાશ્રમ સફળ થાય છે, અન્યથા તે એક પ્રકારની વિષમતાનું વિષમય પ્રદર્શન બની જાય છે.

વિવાહનું ફલ કુલીન સ્ત્રીનો લાભ છે. કુલીન સ્ત્રીના લાભનું ફળ ધર્મની સુંદર આરાધના, ઉત્તમ સંતતિ, ચિત્તની પ્રસન્નતા, ગૃહકાર્યની સુઘડતા, આચારની રક્ષા અને અતિથિ તથા સ્નેહી-સંબંધીઓનો યોગ્ય સત્કાર છે. વેશ્યાઓને રખાયત તરીકે રાખવાથી આમાંનું કોઇ પ્રયોજન સિદ્ધ થતું નથી.

## ચોથો ગુણ.

## પાપથી ડરતાં રહેવું.

બીકણ, બાયલા કે ડરપોક થવું એ ગૃહસ્થનું ભૂષણ નથી, તેમ છતાં તેણે પાપથી ડરતાં રહેવાનું છે. જો એ પ્રકારનો ડર ન રાખવામાં આવે તો સદાચારનો લોપ થાય અને પરિણામે જીવનનો સમસ્ત વ્યવહાર દૂષિત થાય.

જુગાર રમવો, માંસભક્ષણ કરવું, દારુ પીવો, વેશ્યાગમન કરવું, શિકાર કરવો, ચોરી કરવી અને પરસ્ત્રીગમન કરવું, એ સાત મોટાં પાપો છે, તેનો દરેક ગૃહસ્થે અવશ્ય ત્યાગ કરવો ઘટે છે.

જુગાર રમવાની ટેવ પડી કે નાનામોટા અનેક દુર્ગુણો દાખલ થાય છે, અહીં જુગાર શબ્દથી પાનાંની વિવિધ રમતો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસાં ફેંકવાનો ખેલ, આંકફરક, તેજી-મંદી અને ઘોડાની શરતો સમજવાની છે. તેમાં પૈસા મળવાનો સંભવ બે ટકા હોય છે અને ગુમાવવાનો સંભવ અઠ્ઠાણું ટકા હોય છે, એટલે એ રસ્તે ચડનાર ઝડપથી કંગાલ બની જાય છે અને તેને પોતાનાં ઘર-દાગીના કે માલ-મિલકત વેચવાની ફરજ પડે છે. એમ છતાં જો એ નાદ છૂટતો નથી અને તેના દ્વારા જ ગયેલું ધન કમાઈ લઈશ, એવો ભ્રમ ચાલુ રહે છે તો છેવટે તેને ચોરી કરવાની કે-બીજાને ઠગવાની જરૂર પડે છે અને એમ કરતાં પકડાઈ જવાથી જેલના સળિયા પાછળ ધકેલાવું પડે છે. તાત્પર્ય કે જે જુગારથી ડરીને ચાલતો નથી, તેનું જીવન બરબાદ થાય છે અને પરલોક પણ બગડે છે.

માંસભક્ષણની લોલુપતા મનુષ્યના કોમળ પરિણામોનો નાશ કરે છે અને નિર્દયતા, ક્રૂરતા, સ્વાર્થાંધતાના ગુણને ગતિમાન કરે છે, એટલે તેનો ત્યાગ કરવો ઘટે છે. તેમાં રહેલા દોષોનું સવિસ્તર દર્શન *ભક્ષ્યાભક્ષ્યના નિબંધમાં કરાવ્યું છે.

દારુ સંસારનાં સર્વ સુખોની સત્યાનાશી વાળનારો છે; વેશ્યાગમન અને પરસ્ત્રીગમન પણ તેટલાં જ ખતરનાક છે; શિકારની આદત અનેક દૃષ્ટિએ ઈચ્છવા યોગ્ય નથી; ચોરી કરવાની ટેવ કે ધંધો માનહાનિ સાથે દારુણ દુઃખો સહન કરવાની ફરજ પાડે છે અને કુટુંબની પ્રતિષ્ઠાનો સંપૂર્ણ નાશ કરે છે.

આ સિવાય બીજાં પાપો અનેક છે, જેનો વિસ્તાર +'પાપનો પ્રવાહ' નામક પુસ્તકમાંથી જાણી લેવો.

* જુઓ આ જ ગ્રંથમાળાનું પુષ્પ નં. ૧૮.
+ જુઓ આ જ ગ્રંથમાળાનું પુષ્પ નં. ૧૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે મનુષ્ય પાપથી ડરતો રહે છે અને પાપ ન કરવાની સાવચેતી રાખે છે, તે પાપથી બચી શકે છે, પુણ્યનો સંચય કરી શકે છે અને એ રીતે સર્વ ઇષ્ટ સુખોની પ્રાપ્તિ કરી શકે છે. પાપની પ્રવૃત્તિનો ડર રાખનારાઓથી તેવા સંજોગોની પરાધીનતામાં પુરુષાર્થની નબળાઈ અંગે કોઈવાર પાપ થઈ જાય તો પણ તે પાપની પ્રવૃત્તિદ્વારા ચીકણાં કર્મ તો નથી જ બંધાતા. પાપ કરવા અગાઉ તેના કડવા વિપાકનો ભય અને પાપ થઈ ગયા બાદ હૃદયનો સાચો પશ્ચાત્તાપ એ ધર્મી જીવનું લક્ષણ છે; માટે પાપને સાપ ગણીને તેનો અવશ્ય ડર રાખવો.

## પાંચમો ગુણ

## પ્રસિદ્ધ દેશાચારનું પાલન કરવું.

દેશનો જે રિવાજ શિષ્ટજનોને સંમત હોય તેને માન આપીને ચાલવું, તેને પ્રસિદ્ધ દેશાચારનું પાલન કહેવાય છે. એમ કરવાથી વ્યવહાર સચવાઈ રહે છે અને લોકપ્રિયતા સંપાદન થાય છે કે જે એક ગૃહસ્થને માટે નિતાન્ત જરૂરી છે. લૌકિક શાસ્ત્રોએ તો ત્યાં સુધી કહ્યું છે કે–

**यद्यपि सकलां योगी, छिद्रां पश्यति मेदिनीम् ।**
**तथापि लौकिकाचारं, मनसा पि न लंघयेत् ॥**

જો કે યોગી આખી પૃથ્વીને છિદ્રવાળી જુએ છે, એટલે કે તેના રહેવાસીઓની રહેણી-કરણીમાં રહેલાં સઘળાં દૂષણોને જાણે છે, તો પણ લૌકિક આચારનું મનથી પણ ઉલ્લંઘન કરતો નથી. તાત્પર્ય કે-સુજ્ઞજનો હરહંમેશ લૌકિક આચારોને માન આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લૌકિક રિવાજોનો ભંગ કરવાથી જનતાની ઇતરાજી વહોરવી પડે છે અને થતાં અનેક મહત્ત્વનાં કાર્યો સિદાય છે, એટલે પ્રસિદ્ધ દેશાચારનું પાલન કરવું ઉચિત છે.

## છઠ્ઠો ગુણ

## કોઇનો અવર્ણવાદ બોલવો નહિ.

'અમુકને જોયો.' 'અમુક ઠીક છે.'. 'અમુકની વાત કરવા જેવી નથી.' 'અમુક આવો છે.' 'અમુક તેવો છે' અમુક અમુક રીતે વર્તે છે.'' અમુકનો ઇતિહાસ જાણવા જેવો છે.' વગેરે વચનપ્રયોગો દ્વારા બીજાની નિંદા કરવી, બીજાને ઉતારી પાડવા કે બીજાનો પરિવાદ કરવો, એ અવર્ણવાદનું સ્વરૂપ છે. આવા અવર્ણવાદનો આશ્રય લેવો તે સજ્જનોનું કર્ત્તવ્ય નથી.

મહાપુરુષોએ કહ્યું છે કે—

**अवगणइ दोसलक्खं, इक्कं मन्नेइ जं कयं सुकयं ।**
**सयणो हंससहावो, पीअइ पयं वज्जए नीरं ॥**

હંસ દૂધને પીએ છે ને પાણીને છોડી દે છે. સજ્જન પુરુષો પણ આવા જ સ્વભાવવાળા હોય છે, તેથી તેઓ લાખો દોષોની અવગણના કરે છે અને એક પણ સારું કામ કર્યું હોય તેની ગણના કરે છે. તાત્પર્ય કે–સત્પુરુષો બીજાના ગુણો જુએ છે, પણ દોષો જોતા નથી.

અન્યના ગુણો જોવાથી આપણામાં ગુણોનો સંગ્રહ થાય છે અને અન્યના દોષો જોવાથી આપણા દોષો વૃદ્ધિ પામે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે અન્યના દોષો જોવાનું છોડી દઈ, તેના ગુણો જોવા એ જ હિતાવહ છે.

એક કવિએ ઠીક જ કહ્યું છે કે—

न विना परिवादेन, हृष्टो भवति दुर्जनः ।
काकः सर्वरसान् पीत्वा, विनाऽमेध्यं न तृप्यति ॥

કાગડો જેમ સર્વ રસોનું પાન કરવા છતાં અશુચિમય પદાર્થ વિના તૃપ્ત થતો નથી, તેમ દુર્જન બીજાની નિંદા કર્યા વિના હર્ષ પામતો નથી.

અથવા—

दह्यमानाः सुतीव्रेण, नीचाः परयशोऽग्निना ।
अशक्तास्तत्पदं गन्तुं, ततो निन्दां प्रचक्रिरे ॥

પરયશરૂપી તીવ્ર અગ્નિ-વડે નિરંતર બળી રહેલા નીચ પુરુષો યશસ્વીનાં પગલે ચાલવાને અશક્ત હોવાથી તેમની નિંદા કરવા લાગી જાય છે.

તાત્પર્ય કે અન્યની નિંદા કરવામાં રસ આવે તો સમજવું કે-આપણે માનવતાના સહુથી નીચલા થર પર ઊભા છીએ અને પ્રગતિ, વિકાસ, ઉન્નતિ કે અભ્યુદયના અધિકારી નથી.

પ્રગતિની ઇચ્છા હોય તો પરનિંદા છોડવી જ ઘટે.

વિકાસની વાંછા હોય તો કોઈનું વાંકું બોલાય જ નહિ.

ઉન્નતિની આશા હોય તો અન્યના દોષો જોવાનું છોડવું જ જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યુદયના અધિકારી થવું હોય તો પુનઃ પુનઃ આત્મ-નિરીક્ષણ કરી પોતાની જ ભૂલો સુધારવી જોઈએ.

કોઈનો અવર્ણવાદ કરવાથી મન દૂષિત થાય છે, વાણી અપવિત્ર બને છે, સમયની બરબાદી થાય છે, બીનજરૂરી દુશ્મનાવટ ઊભી થાય છે અને સમાજહિતનાં અનેક કામો થતાં અટકી જાય છે કે થતાં હોય તો બગડી જાય છે. શાસ્ત્રકારોએ આ દોષની ગણના સોળમા પાપસ્થાનક તરીકે કરી છે, એટલે પુણ્યવાંછુ પુરુષોએ તેનો સર્વથા ત્યાગ કરવો એ જ ઉચિત છે.

## સાતમો ગુણ.

### યોગ્ય સ્થાનમાં ઘર બાંધીને રહેવું.

શ્રી હરિભદ્રસૂરિએ ધર્મબિંદુમાં કહ્યું છે કે—

**स्थाने गृहकरणमिति ।**

યોગ્ય સ્થાને નિવાસને માટે ઘર કરવું.

અહીં યોગ્ય સ્થાનથી સારું નગર કે સારું ગામ અભિપ્રેત છે, કારણ કે—

**कुग्रामवासः कुनरेन्द्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ।**
**कन्याबहुत्वं च दरिद्रता च, षड्जीवलोके नरका भवन्ति ॥**

કુગ્રામનો વાસ, કુનરેન્દ્રની સેવા, કુભોજન, વારંવાર ક્રોધ કરનારી સ્ત્રી, ઘણી કન્યાઓ અને દરિદ્રતા, એ છ આ જગતમાં નરક સમાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રકારોએ અયોગ્યસ્થાનની વિશિષ્ટ વ્યાખ્યા આ પ્રમાણે કરી છેઃ—

**अतिप्रकटातिगुप्तमस्थानमनुचितप्रातिवेश्यं चेति ।**

જે સ્થાન અતિ ખુલ્લું હોય અથવા અતિ ગુપ્ત હોય અથવા અનુચિત પાડોશવાળું હોય તે અયોગ્ય જાણવું.

જે સ્થાન અતિ ખુલ્લું એટલે બીજાં ઘરો પાસે ન હોવાથી એકલું-ઊઘાડી પડી જતું હોય, ત્યાં ચોરી થવાનો સંભવ વિશેષ છે. જે સ્થાન અતિ ગુપ્ત એટલે ઘણાં ખીચોખીચો ઘરોની અંદર આવેલું હોય તે પોતાની શોભા ધારણ કરી શકતું નથી. તથા અગ્નિ વગેરેનો ઉપદ્રવ થતાં તેમાંથી બચવું મુશ્કેલ પડે છે. જે સ્થાનનો પાડોશ ખરાબ હોય ત્યાં રહેતાં અનેક પ્રકારની અડચણો ઊભી થાય છે અને અભ્યુદય થઈ શકતો નથી. જો પાડોશી દુષ્ટ ચરિત્રવાળો હોય તો આપણાં કુટુંબને બગાડે છે અથવા તેની પાસે રહેતાં આપણી આબરુને ધક્કો પહોંચે છે. જો પાડોશી અતિ ઉડાઉ હોય અને છેલબટાઉની માફક રહેતો હોય તો આપણાં ઘરનાં માણસોને પણ તેનો ચેપ લાગવાનો સંભવ રહે છે, એટલે સાદાઈ ને સુઘડતાનાં સ્થાને મોજશોખ દાખલ થઈ જાય છે અને એ રીતે પડતીનાં શ્રી ગણેશ મંડાય છે. જો પાડોશી ક્રોધી સ્વભાવનો હોય તો વારંવાર ઝઘડા કરે છે અને આપણાં ચિત્તની સ્વસ્થતાનો ભંગ કરે છે. જો પાડોશી ગંભીર ન હોય તો આપણા ઘરની બાતમી બીજાને પહોંચાડે છે અને તેથી આપણો વ્યવહાર જોખમાય છે. એટલે સારો પાડોશ હોવો ખાસ જરૂરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવા ઘરમાં રહેવું ? તે વિષે શાસ્ત્રકારોએ બીજી સૂચનાઓ પણ આપેલી છે. તેમાંની મુખ્ય સૂચનાઓ એ છે કે–

**लक्षणोपेतगृहवास इति ।**

વાસ્તુશાસ્ત્રમાં જણાવેલા સર્વ લક્ષણોથી યુક્ત હોય તેવાં ઘરમાં વાસ કરવો.

જો લક્ષણહીન ગૃહમાં વાસ કરવામાં આવે તો વૈભવનો નાશ થાય છે તથા તેમાં રહેનારનું આરોગ્ય જોઈએ તેવું જળવાતું નથી. ઉપરાંત બીજા ઉપદ્રવો થવાનો પણ સંભવ છે.

**निमित्तपरीक्षेति ।**

નિમિત્ત વડે પરીક્ષા કરવી.

અમુક ઘર રહેવાને માટે અનુકૂળ પડશે કે નહિ, તેની શુકન વગેરે દ્વારા પરીક્ષા કરવી.

**तथानेकनिर्गमादिवर्जनमिति ।**

તેમજ જવા-આવવાનાં ઘણા રસ્તાઓ હોય, તેનો ત્યાગ કરવો.

જે ઘરમાં જવા આવવાનાં દ્વાર ઘણાં હોય, તેમાં નિવાસ કરવાથી વૈભવ તથા કુલસ્ત્રીની મર્યાદાનું રક્ષણ થઈ શકતું નથી.

## આઠમો ગુણ

## સદાચારીનો સંગ કરવો.

સદાચારીના સંગથી સદાચારનો રંગ ચડે છે અને દુરાચારીના સંગથી દુરાચારનો રંગ ચડે છે; તેથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે—

૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## प्रधानसाधुपरिग्रह इति ।

### ઉત્તમ અને સદાચારી પુરુષોનો સંગ કરવો.

'ઉત્તમ પુરુષો કોને ગણવા?' એનો ઉત્તર એ છે કે-જેઓ સૌજન્ય, દાક્ષિણ્ય, કૃતજ્ઞતા આદિ ગુણોથી વિભૂષિત હોય, તેમને ઉત્તમ પુરુષો ગણવા. ખાનદાન કુટુંબમાં જન્મેલાઓ મોટા ભાગે આવા ગુણોથી યુક્ત હોય છે, એટલે તેમનો સમાવેશ ઉત્તમ પુરુષોમાં થઈ શકે.

'સદાચારી કોને ગણવા?' એનો ઉત્તર એ છે કે-'જેઓ સદાચારનો આગ્રહ રાખતા હોય અને પોતાના જીવનમાં તેનો યથાશક્તિ અમલ કરતા હોય, તેમને સદાચારી ગણવા.'

અહીં એવો પ્રશ્ન પૂછવાનો સંભવ છે કે 'સદાચાર કોને કહેવાય?' એનો ઉત્તર એ છે કે 'સત્પુરુષોએ-મહાપુરુષોએ પ્રવર્ત્તાવેલો જે આચાર તે સદાચાર. અથવા સમ્યગ્ એવો જે આચાર તે જ સદાચાર. અહીં આચાર શબ્દથી આચરણ કે વર્તન સમજવું ઘટે છે.'

પુનઃ એ પ્રશ્નને અવકાશ રહે છે કે 'મહાપુરુષોએ કેવો આચાર પ્રવર્ત્તાવેલો છે? કેવા આચરણ કે વર્તનની હિમાયત કરેલી છે?' એનો ઉત્તર એ છે કે 'જગત્‌ના તમામ મહાપુરુષોએ દયા રાખવાનું કહ્યું છે, સાચું બોલવાનું કહ્યું છે, કોઈ પણ પ્રકારની ચોરી ન કરવાનું કહ્યું છે, વ્યભિચારથી દૂર રહેવાનું કહ્યું છે અને સંતોષથી રહેવાનું જણાવ્યું છે. વળી પ્રભુભક્તિ, જ્ઞાનોપાસના, વ્રત, નિયમ તથા તપશ્ચર્યાની હિમાયત કરી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સંતોષ (અપરિગ્રહ), ભક્તિ, જ્ઞાનોપાસના, વ્રત-નિયમ તથા તપશ્ચર્યા એ સદાચાર છે '

કોની ગણના દુરાચારીમાં થાય છે? એ પણ જાણી લેવાની જરૂર છે. મહર્ષિઓના અભિપ્રાયથી હિંસક, જૂઠા, કપટી, વિશ્વાસઘાતી, દગાખોર, ચોર, ડાકુ, ધાડપાડુ, મવાલી, જુગારી, શરાબી, વ્યભિચારી, ક્રોધી, અહંકારી વગેરે પુરુષો દુરાચારી છે, કારણ કે તેમનું આચરણ દુષ્ટ છે.

' સંગ તેવો રંગ; ' ' સોબત તેવી અસર; ' ' કાળાની જોડે ધોળો બેસે તો વાન ન આવે પણ સાન જરૂર આવે; ' વગેરે કહેવતો દુરાચારીની સોબત છોડી સદાચારીની સોબત કરવા માટે જ યોજાયેલી છે.

પોપટનાં બે બચ્ચાંઓમાંથી એક વાઘરીને ત્યાં વેચાયું તે ' મારો, કાપો ' એવા શબ્દો બોલતાં શીખ્યું અને ખાનદાન ઘરમાં વેચાયું તે ' આવો, પધારો ' એમ બોલતાં શીખ્યું, એ શું બતાવે છે? કાગડાની સાથે મુસાફરી કરતાં હંસના પ્રાણ ગયા, એમાંથી શું બોધ લેવાનો? માંકડને આશ્રય આપતાં જૂએ પોતાનો જાન ગુમાવ્યો, એ શું સૂચવે છે? આપણો નિત્યનો અનુભવ પણ એ જ કહે છે કે ' સંગ તો સદાચારીનો જ કરવો. '

## નવમો ગુણ.

## માતાપિતાની ભક્તિ કરવી.

માતાપિતા એટલે જનની-જનક, તેમનો ઉપકાર આપણા પર અત્યંત મોટો છે. બાલ્યાવસ્થામાં જ્યારે આપણે લગભગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂઢ જેવા હોઈએ છીએ, ત્યારે તેઓ આપણી સાર-સંભાળ લે છે અને અનેક પ્રકારનાં કષ્ટો ઉઠાવીને પણ આપણને ઉછેરે છે. પછી આપણને ભણાવે છે, ગણાવે છે, ધંધે લગાડે છે. તથા આપણું ભાવી જીવન સુખી થાય તે માટે યોગ્ય વિવાહ-સંબંધ જોડી આપે છે. આપણા ક્ષેમ-કુશલની ચિંતા સતત તેમના હૈયે હોય છે, તેથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે—

**तथा मातापितृपूजेति ।**

તેમજ—માતાપિતાની પૂજા કરવી.

અહીં પૂજા શબ્દથી વિનય, ભક્તિ અને બહુમાન સમજવાનાં છે.

ગુરુજનો અંગેનો સામાન્ય શિષ્ટાચાર એ છે કેઃ—

**अभ्युत्थानादियोगैश्च, तदंते निभृतासनम् ।**
**नामग्रहश्च नास्थाने, नावर्णश्रवणं क्वचित् ॥**

ગુરુજનો આવે ત્યારે ઊભા થઈને સામા જવું; તેમની પાસે નિશ્ચલ થઈને બેસવું; અઘટિત સ્થાને તેમનું નામ લેવું નહિ અને તેમની નિંદા કદી પણ સાંભળવી નહિ.

'માતાપિતા પ્રત્યે કેવી રીતે વર્તવું ?' એનું સ્પષ્ટીકરણ શાસ્ત્રકાર મહર્ષિઓએ આ પ્રમાણે કરેલું છે.

**आमुष्मिकयोगकारणं तदनुज्ञया प्रवृत्तिः प्रधानाभिनवोपनयनं तद्भोगे भोगोऽन्यत्र तदनुचितादिति ॥**

માતાપિતાને પરલોક સંબંધી ધર્મ વ્યાપારમાં જોડવા, તેમની આજ્ઞા પ્રમાણે જ પ્રવૃત્તિ કરવી, તેમને શ્રેષ્ઠ અને નવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓ ભેટ કરવી અને તેઓ એનો ઉપભોગ કરે, પછી જ ઉપભોગ કરવો, અન્યથા તે વસ્તુઓનો ઉપભોગ કરવો અનુચિત છે.

એક વાર ભગવાન મહાવીરે શ્રમણોને ઉદ્દેશીને કહ્યું કે–'હે શ્રમણો ! માતાપિતા, દુઃખી અવસ્થામાં સહાય કરનાર અને ધર્મમાર્ગે ચડાવનાર ધર્માચાર્ય, એ ત્રણનો બદલો ઘણી મહેનતે વાળી શકાય છે.' ત્યારે શ્રમણોએ પૂછયું કે–'હે ભગવન્ ! કોઈ પુત્રો માતાપિતાને શતપાક, સહસ્રપાક કે તેવાં જ બીજાં ઉત્તમ પ્રકારનાં તેલો ચોળીને સ્નાન કરાવે, અલંકારોથી વિભૂષિત કરે, સ્વાદિષ્ટ સુંદર ભોજન કરાવે અને જીવનપર્યંત પોતાની પીઠ પર બેસાડીને ફેરવે તો શું એ ઉપકારનો બદલો વળી શકે ?' ઉત્તરમાં ભગવાને કહ્યું કે 'હે શ્રમણો ! તેટલું કરવા છતાં માતાપિતાના ઉપકારનો બદલો વળી શકે નહિ, પરંતુ તેઓને સર્વજ્ઞકથિત ધર્મમાં જોડે, દૃઢ કરે અને આત્મસ્વરૂપ પ્રકટ કરવાના માર્ગમાં મૂકે તો તેનો બદલો વળી શકે, કારણ કે ધર્મપ્રાપ્તિથી તેઓ સદાને માટે જન્મ–મરણના ફેરામાંથી મુક્ત થાય છે.'

સંસાર–વ્યવહારની સર્વ પ્રવૃત્તિ માતાપિતાની આજ્ઞા પ્રમાણે કરવાથી તેમની મુરબ્બીવટ જળવાઇ રહે છે, તેમને સંતોષની લાગણીનો અનુભવ થાય છે અને તેમાંથી આપણને એવા આશીર્વાદની પ્રાપ્તિ થાય છે કે જે આપણી સર્વ પ્રવૃત્તિઓમાં સફલતાનું સિંચન કરે છે. 'માબાપ તો હવે ઘરડા થયા !' 'તેઓ આ વાતમાં શું સમજે ?' 'તેઓ આપણા જેટલું કયાં ભણ્યા છે ?' 'બિચારા ભલા–ભોળા છે.' વગેરે વચનપ્રયોગો વિનીત પુત્ર–પુત્રીઓનાં મુખમાં જરા પણ શોભતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના બદલે એમ વિચારવું ઘટે કે 'માબાપ અનુભવી છે.' 'તેઓ આપણા કરતા વધારે સમજે છે.' 'તેઓ ભણ્યા છે ઓછું, પણ ગણ્યા છે વધારે.' 'તેઓ જે કંઈ કહેતા હશે, તે આપણાં હિતની ખાતર જ કહેતા હશે.'

અનુભવીઓની એ ઉદ્‌ઘોષણા છે કે 'જ્યાં માતાપિતાની મુરબ્બીવટ જળવાતી નથી કે તેમની સાચી સલાહને તરછોડવામાં આવે છે, ત્યાં શ્રી અને સૌભાગ્ય કદી પણ રહી શકતાં નથી.'

નવાં ફૂલ, નવાં ફળ કે સુંદર વસ્ત્રાભૂષણ માતાપિતાને ભેટ ધરવાં; તેમને જોઈતી તમામ વસ્તુઓ લાવી આપવી; તેમને જમાડીને જ જમવું; તેમની વૃદ્ધાવસ્થામાં પૂરેપૂરી કાળજી રાખવી અને તેમને પવિત્ર તીર્થોની યાત્રા કરાવવી એ વિનીત પુત્ર-પુત્રીઓનો ધર્મ છે. શ્રમણકુમારે વૃદ્ધ માતા પિતાને કાવડમાં બેસાડ્યાં હતાં અને એ કાવડ ખભે ઉચકી અડસઠ તીર્થોની યાત્રા કરાવી હતી, એ વાત પુનઃ પુનઃ યાદ કરવી ઘટે છે.

આધુનિક યુગનું મોટામાં મોટું અપલક્ષણ એ છે કે-ઉછરતી પ્રજાનો વડીલો પ્રત્યેનો વિનય ઘટ્યો છે અને માબાપ પ્રત્યેની ભક્તિમાં મોટી ઓટ આવી છે. માતાપિતાને ત્રણ વાર પ્રણામ કરવાનું તો દૂર રહ્યું, પણ તેમને સામા ઉત્તરો આપવામાં આવે છે અને 'તમારા કરતાં અમને વધારે સમજ પડે છે' એમ કહીને તરછોડવામાં આવે છે. યુવાન પુત્ર પત્નીના પ્રેમમાં પાગલ બને છે અને તેની દોરવણી મુજબ ટૂંક સમયમાં જુદું ઘર માંડીને માતા પિતાની સેવા કરવાની બલા(?)માંથી મુક્ત થાય છે.' માતા બિમાર હોય કે પિતા પથારીવશ હોય ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને વૈદ્ય–ડૉક્ટરોને ભળાવી દેવામાં આવે છે અને તેમનું બીલ ચૂકવ્યાથી સેવા કર્યાનો સંતોષ માનવામાં આવે છે પણ કાયાને કસીને, મનમાં ઉત્સાહ લાવીને તેમની સેવામાં નિરંતર હાજર રહેવાનું ભાગ્યે જ જોવામાં આવે છે! કેટલાક બહાદુર બેટાઓ (?) વૃદ્ધ માતાપિતા પાસે પણ કામ કરાવવાનું ચૂકતા નથી! અગર તેમને સોંપાયેલું કામ બરાબર ન થયું કે ઓછું ઉતર્યું તો તેમની પૂરેપૂરી ખબર લઈ નાખે છે! કેટલાક શાણા સુતો (?) વૃદ્ધ માતાપિતાને આજીવિકાના અમુક પૈસા આપી દે છે અને તેમાં જીવનનિર્વાહ કરવાની ફરજ પાડે છે, ત્યારે કેટલાક એટલું પણ ન કરતાં તેમને માંડ માંડ રોટલો ખવડાવે છે અને તેઓ આ દુનિયામાંથી ક્યારે વિદાય થઈ જાય તેની રાહ જુએ છે! જ્યાં માબાપો પ્રત્યેનું વર્તન આટલું હીન, આટલું અધમ હોય ત્યાં સુખ અને શાંતિ ક્યાંથી અનુભવાય? ત્યાં ઉન્નતિ અને પ્રગતિ ક્યાંથી આવે? ત્યાં વિજય અને સફલતાની આશા કેવી રીતે રખાય? તાત્પર્ય કે–માતા પિતાની ભક્તિ કરવાનો પ્રાચીન શિષ્ટાચાર પુનઃ વેગ પ્રાપ્ત કરે, એ અત્યંત જરૂરનું છે.

## દશમો ગુણ

## ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો.

નીચેનાં સ્થાનો ઉપદ્રવવાળાં ગણાય છેઃ–

(૧) જ્યાં આપણા વિરોધીઓ મોટા પ્રમાણમાં વસતા હોય.

(૨) જ્યાં પ્લેગ, મરકી, કૉલેરા વગેરે જીવલેણ રોગો વારંવાર ફાટી નીકળતા હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) જ્યાં ચોરીઓ વારંવાર થતી હોય.

(૪) જ્યાં ધાડ પાડવાનો ભય સતત ઝઝુમતો હોય.

(૫) જ્યાં પાણીનાં પુરથી વારંવાર નુકશાન થતું હોય.

(૬) જ્યાં આગ વારંવાર લાગતી હોય.

(૭) જ્યાં સૈનિકોનો બળવો થવાનો પૂરેપૂરો સંભવ હોય.

(૮) જ્યાં પરદેશી લશ્કરનું આક્રમણ થવાનો સંભવ હોય.

(૯) જ્યાં દુષ્કાલનો ભય હોય.

(૧૦) જ્યાં તીડ, શુક કે ઉંદર વારંવાર પાકનો નાશ કરતા હોય.

(૧૧) જ્યાંનો રાજા અન્યાયી, અધર્મી કે દુરાચારી હોય.

(૧૨) જ્યાંને રાજા બાળક કે મૂર્ખ હોય.

(૧૩) જ્યાં સ્ત્રીનું રાજ્ય હોય.

(૧૪) જ્યાં પરસ્ત્રીલંપટ લોકો કુળવાન સ્ત્રીઓની લાજ લૂંટતા હોય.

(૧૫) જ્યાં ઘણો પરિશ્રમ કરવા છતાં આજીવિકા મળતી ન હોય.

(૧૬) જ્યાં ધર્મગુરુનું કદી આગમન થતું ન હોય કે સાધર્મિકોની સોબત ન હોય.

ઉપદ્રવવાળાં સ્થાનમાં રહેવાથી પૂર્વે ઉપાર્જન કરેલા ધર્મ, અર્થ અને કામનો નાશ થાય છે તથા નવીન ઉપાર્જન થઈ શકતા નથી, એટલે ઉભય લોકથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગિયારમો ગુણ

## નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી નહિ.

નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ કરવાથી પ્રતિષ્ઠાનો નાશ થાય છે અને પ્રતિષ્ઠાનો નાશ થયે ક્રમશઃ સર્વનો નાશ થાય છે. તેથી જ મહર્ષિઓએ કહ્યું છે કે—

**गर्हितेषु गाढमप्रवृत्तिरिति ।**

નિંદિત કાર્યમાં બિલકુલ પ્રવૃત્તિ કરવી નહિ.

'નિંદિત કાર્ય કોને ગણવું ?' એનો ઉત્તર એ છે કે–જે કાર્ય શિષ્ટસમાજમાં અધમ ગણાતું હોય, હલકું મનાતું હોય કે બૂરું લેખાતું હોય તેને નિંદિત ગણવું.' તાત્પર્ય કે જે કામો કરવાથી જગબત્રીશીએ ચડી જવાય, લોકોની નજરમાં હલકા પડાય કે માનમરતબાનો નાશ થાય તેવાં કામો કરવાં નહિ. આ પ્રકારનાં કેટલાંક કામો નીચે પ્રમાણે ગણાવી શકાયઃ

(૧) ખૂન કરવાં, નિર્દયતાથી વર્તવું.

(૨) જૂઠું બોલવું, છેતરપીંડી કરવી, વિશ્વાસઘાત કરવો કે દગાફટકાનો આશ્રય લેવો.

(૩) ચોરી કરવી, ધાડ પાડવી, વાટ આંતરવી કે ખીસ્સાં કાતરવાં.

(૪) વ્યભિચાર કરવો, કૂટણખાનાં ચલાવવાં.

(૫) છતી શક્તિએ કોઈને કંઈ ન આપવું, એટલે કે કંજૂસ બનવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬) માતાપિતાને દુઃખ દેવું.

(૭) વિના વાંકે પત્નીનો ત્યાગ કરવો.

(૮) કુટુંબની સારસંભાળ લેવી નહિ.

(૯) શરાબ પીવો, શરાબખાતાં ચલાવવાં.

(૧૦) જુગાર ખેલવો, જુગારખાનાં ચલાવવાં.

(૧૧) માંસાહાર કરવો, શિકાર ખેલવો.

(૧૨) દેશને નુકશાન થાય તેવી જાસુસી વગેરેની પ્રવૃત્તિ કરવી.

(૧૩) કાળાં બજાર કરવાં, લોકોની સતામણી કરવી.

(૧૪) લાંચ-રુશ્વત લઈને બીજાના હક્કમાં નુકશાન કરવું

(૧૫) કોઈનો આદર-સત્કાર કરવો નહિ, વગેરે.

એક મહાપુરુષે ઠીક જ કહ્યું છે કે—

**न कुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मतिः ।**
**अंत्येष्वपि हि जातानां वृत्तमेव विशिष्यते ॥**

જે પુરુષ સદાચાર રહિત હોય તે પુરુષનું કુળ પ્રમાણરૂપ નથી, એમ હું માનું છું. જો તે હલકા કુળમાં જન્મેલો હોય પણ સદાચારવાળો હોય તો તેનો એ સદાચાર વિશેષતાવાળો છે, અર્થાત્ પ્રશંસાને પાત્ર છે. અર્થાત્ ઉચ્ચકુલમાં જન્મ થવા માત્રથી ઉત્તમતા ગણાતી નથી. ઉત્તમત્તાનો સાચો આધાર સદાચાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બારમો ગુણ.

## આવક પ્રમાણે ખર્ચ કરવો.

અનુભવીઓનો એ અભિપ્રાય છે કે ખેતીવાડી, વેપારવણજ, મકાન–મિલ્કત, હુન્નર–ઉદ્યોગ, કલાકૌશલ્ય, સેવાચાકરી વગેરેમાંથી જે આવક થાય તેના સરખા ચાર ભાગ કરવા. તેમાંથી એક ભાગ નિધાન તરીકે રાખી મૂકવો એટલે કે અનામત ખાતે લઈ જવો, જેથી મુશ્કેલી કે મૂંઝવણના સમયમાં કામ લાગે. બીજો ભાગ નિયમિત આવક થાય તેવા વ્યાજ–વટાવ વગેરે ધંધામાં રોકવો, જેથી ધારી આવક ન થઈ હોય તો પણ હરકત આવે નહિ. ત્રીજો ભાગ ભરણપોષણ કરવા યોગ્ય સ્ત્રી, પુત્ર, પુત્રી, માતા, પિતા, ભાઈ, બહેન, કુટુંબીજનો તથા પોતાના ઉપભોગ માટે રાખવો અને ચોથો ભાગ ધર્મ રસ્તે ઉપયોગી થાય તેવી જાતના ખર્ચ માટે કાઢવો. આમ કરવાથી વ્યવહાર સરલતાથી ચાલે છે ને ગમે તેવી આસમાની–સુલતાનીમાં પણ ઊભા રહી શકાય છે.

જેની આવક મર્યાદિત છે, તેણે પોતાનો ખર્ચ આવકના પ્રમાણમાં જ રાખવો, પણ તેથી અધિક રાખવો નહિ; કારણ કે તેમ કરતાં દેવું થાય છે અને એક વાર દેવું થયું કે ઉકરડાની જેમ તે ક્રમશઃ વધતું જ જાય છે. એનું છેવટનું પરિણામ એ આવે છે કે–મનુષ્ય દેવામાં ગળાબૂડ થઈ જાય છે અને તેનો સર્વ વ્યવહાર થંભી જાય છે, એટલે તેને દારુણ દુઃખના દિવસો જોવાનો પ્રસંગ આવે છે.

' વધારે ખર્ચ રાખવાથી પૈસાદાર ગણાઈશું', લાજ આબરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધશે અને એ રીતે વધારે કમાઈ શકાશે.' એ વિચાર ભૂલ-ભરેલો છે. મોટો આડંબર કદાચ શરૂઆતમાં બીજાને છેતરી શકે પણ તે લાંબો વખત ન જ ચાલે. દંભનો પડદો એક વાર અવશ્ય ચીરાય છે અને તે ચીરાય છે ત્યારે આપણી લાજ આબરુને પણ નિર્દયતાથી ચીરતો જાય છે, તેથી સુજ્ઞ મનુષ્યોએ આવક પ્રમાણે ખર્ચ રાખવો, એ જ ઉચિત છે.

કેટલાક મનુષ્યો દેખાદેખીથી વધારે ખર્ચ કરે છે અને શક્તિ ન હોવા છતાં વસ્ત્ર, આભૂષણો અને મોજશોખનાં સાધનો ખરીદે છે. તેમને ફરજિયાત દેવું કરવું પડે છે અને કોઈ પૈસા ધીરનાર ન હોય તો દગા-ફટકા, ચોરી કે વિશ્વાસઘાતનો આશ્રય લેવો પડે છે. એટલે આવક કરતાં ખર્ચ વધારે રાખવાનું પરિણામ નીતિનાશમાં આવે છે અને નીતિનાશ હોય ત્યાં સુખ અને શાંતિ પ્રાપ્ત થઈ શકતાં નથી, એ એક સિદ્ધ હકીકત છે; એટલે સુખી થવા ઇચ્છનારે આવક પ્રમાણે ખર્ચ રાખવો એ જ ઉચિત છે.

એક કવિએ ઠીક જ કહ્યું છે કે 'જે મનુષ્ય પોતાના આયવ્યયનો એટલે આવક-જાવકનો વિચાર કર્યા વિના વૈશ્રમણ( કુબેર )ની માફક દાન દે છે-ખર્ચ કરે છે, તે થોડા સમયમાં અહીં જ વૈ-શ્રમણ એટલે નિશ્ચયપૂર્વક ભિખારી બની જાય છે.'

જીવનનું ધોરણ વધાર્યું સરલતાથી વધે છે, પણ ઘટાડયું સરલતાથી ઘટતું નથી, એ વાત સદા લક્ષમાં રાખવી ઘટે છે, એટલે બે-ચાર વર્ષ સારી કમાણીનાં આવ્યાં કે અકસ્માત્ મોટો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાભ થઈ ગયો, તેટલા માત્રથી ખર્ચનું ધોરણ વધારવું યોગ્ય નથી. પહેલા અને બીજા વિશ્વયુદ્ધના દિવસો દરમિયાન ધૂમ કમાણી દેખીને જીવનનું ધોરણ એકદમ ઊંચું કરનારની આખરી હાલત શું થઇ તે કોઇથી અજાણ્યું નથી. સટ્ટા અને આંકફરક જેવા ધંધાઓ કે જેમાં દરેક વખતે સાહસ જ કરવાનું હોય છે અને લાભ થવાની કોઈ ખાતરી હોતી નથી, તેના આધારે મોટો ખર્ચ રાખવો એ એક પ્રકારની મૂર્ખાઇ છે કે જેનું આખરી પરિણામ નાદારી યા નીતિનાશમાં જ આવે છે, તેથી આવક પ્રમાણે ખર્ચ રાખવાની ટેવને પ્રત્યેક સુજ્ઞ મનુષ્યે ચીવટથી વળગી રહેવાની જરૂર છે.

## તેરમો ગુણ.

## ધનાદિ અનુસારે વેશ રાખવો.

ધનાદિ એટલે ધન, અવસ્થા, દેશ, કાલ, જાતિ વગેરે. તેને અનુસરતો વેશ રાખવાથી શોભામાં અભિવૃદ્ધિ થાય છે અને વ્યવહાર કે સગવડતા સચવાઈ રહે છે; તેથી વિરુદ્ધ રીતે વર્તતાં હાંસીને પાત્ર થવાય છે અને વ્યવહાર પણ જોખમાય છે.

કોઈ ધનવાન મનુષ્ય મુફલીસનો વેશ પહેરીને નીકળે તો શું પરિણામ આવે ? પ્રથમ તો લોકો તેની હાંસી કરે, પછી તેની લોભી મનોવૃત્તિ પર ધિક્કાર વરસાવે, અથવા તેણે ધંધામાં મોટું નુકશાન કર્યું હશે અને પૈસા ગુમાવ્યા હશે, એવો નિશ્ચય કરે અને તેથી તેની આંટને નુકશાન પહોંચાડે તથા અજાણ્યા માણસો તેનો જોઇએ તેવો આદર–સત્કાર કરે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જ રીતે કોઈ ગરીબ મનુષ્ય ધનવાનનો વેશ ધારણ કરીને નીકળે તો શું પરિણામ આવે ? લોકો તેને ઉદ્ધત કે છેલબટાઉ ગણે અથવા દેવાળિયાની કે નાલાયકની કોટિમાં મૂકે અને તેણે કોઈની માલ-મિલકત જરૂર પચાવી પાડી હશે કે છૂપો હાથ માર્યો હશે, તેવો તક કર્યા વિના રહે નહિ. વળી માથે દેવું હોય તો આવો વેશ જોઇને લેણદારો તકાદો કરે અને ' તમે હમણાં ખૂબ કમાઓ છો, માટે અમારા પૈસા આપી દો ' એવો આગ્રહ કરે, અથવા ' તમને આવી રીતે ઉડાવવા માટે પૈસા મળે છે અને અમારા પૈસા આપવા માટે મળતા નથી. ' એવો આક્ષેપ કરે.

કોઈ વૃદ્ધ પુરુષ યુવાન જેવો વેશ પહેરીને નીકળે તો લોકોને તેના ચારિત્ર પર શંકા ગયા વિના રહે નહિ, તે જ રીતે એક યુવાન વૃદ્ધ જેવો વેશ પહેરીને નીકળે તો લોકોને જાતજાતની શંકા કરવાનું કારણ મળે અને તેથી તેને ભળતું જ નુકશાન થાય એ દેખીતું છે.

દેશ તેવો વેશ રાખવો પણ જરૂરી છે. મારવાડમાં મદ્રાસનો વેશ પહેરવામાં આવે કે મદ્રાસમાં મારવાડનો વેશ પહેરવામાં આવે તો ઉચિત ગણાય નહિ, અથવા ભારતવર્ષમાં ઇંગ્લાંડનો વેશ પહેરવામાં આવે ને ઇંગ્લાંડમાં ભારતવર્ષનો વેષ પહેરવામાં આવે તે ઉચિત ગણાય નહિ. ધોતિયું પહેરીને ફરવા નીકળવા માટે નારાયણ હેમચંદ્રની ઇંગ્લાંડમાં ધરપકડ થઈ હતી અને દંડ ભર્યા પછી જ તે છૂટી શકયા હતા, કારણ કે ધોતિયાના પોશાકને ત્યાંના કાયદા મુજબ અધૂરો માનવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશ પરિધાનમાં ઋતુ અથવા કાલનો વિચાર પણ આવશ્યક છે. શિયાળામાં ગરમ કપડાં, ઊનાળામાં મુલાયમ સુતરાઉ વસ્ત્ર અને ચોમાસામાં રેઇનકોટ તથા છત્રી જરૂરનાં છે. જો તે તરફ ઉપેક્ષા કરવામાં આવે તો નુકશાન થવાનો સંભવ છે. શિયાળામાં ગરમ વસ્ત્રના અભાવે છાતી, ગળા અને મસ્તિષ્કમાં ઠંડી પેસી જવાનો સંભવ છે તથા થરથરતી હાલતમાં ધારેલું કામ ધારેલા સમયે પૂરું થઈ શકતું નથી. ઊનાળામાં હલકાં અને મુલાયમ વસ્ત્ર ધારણ કરવાને બદલે ગરમ કોટ–પાટલુન ચડાવ્યાં હોય તો અકળામણ થાય છે, પરસેવો ખૂબ જ વળે છે અને તેથી ધાધર કે ખરજવા જેવા રોગો થઈ આવે છે. ચોમાસામાં રેઇનકોટ કે છત્રી ન હોય તો બહાર જવું–આવવું જ મુશ્કેલ થઈ પડે છે, પછી નિયત કામ થવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો?

જાતિ કે ધંધા પરત્વે વેશની પસંદગી કરવી ઉપયોગી છે. જો તેમ કરવામાં ન આવે તો સગવડતા સચવાતી નથી. બોઇલર ચલાવનારે અમુક જાતનો વેશ પહેરવો પડે છે, સંચો ચલાવનારે અમુક જાતનો પોશાક પહેરવો પડે છે, કારકુને અમુક જાતનો વેશ પહેરવો પડે છે, ડૉકટરે અમુક જાતનો વેશ પહેરવો પડે છે અને એક ખેડૂત કે માળીએ અમુક જાતનો વેશ પહેરવો પડે છે. જો બોઇલર ચલાવનાર વરણાગિયો થાય તો કેટલા દિવસ ટકે? અથવા સંચો ચલાવનાર ફરફરતાં કપડાં પહેરે તો એની સહીસલામતી કેટલી? તે જ રીતે સર્વેનું સમજી લેવું.

આ કારણે જ મહર્ષિઓએ જણાવ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**विभवाद्यनुरूपो वेषो विरुद्धत्यागेनेति ।**

પોતાના વૈભવ વગેરેને યોગ્ય વેશ રાખવો અને તેથી વિરુદ્ધ વેશનો ત્યાગ કરવો.

## ચૌદમો ગુણ

## બુદ્ધિના આઠ ગુણોને સેવવા.

જેની બુદ્ધિનો વિકાસ સપ્રમાણ થયેલો છે, તે પોતાનાં દરેક કાર્યો કુશલતાથી પાર પાડી શકે છે, એ કારણે શાસ્ત્રકારોએ બુદ્ધિને ખીલવનારા આઠ ગુણોનો આશ્રય લેવાનું કહ્યું છે. આ ગુણોની ગણના નીચે પ્રમાણે થાય છે.

૧ **શુશ્રૂષા** એટલે સાંભળવાની ઇચ્છા.

૨ **શ્રવણ** એટલે સાંભળવું તે.

૩ **ગ્રહણ** એટલે અર્થ સમજવો તે.

૪ **ધારણા** એટલે સાંભળેલું યાદ રાખવું તે.

૫ ઊહ એટલે ગ્રહણ કરેલા અર્થના આધારે તર્ક ઉઠાવવો તે.

૬ **અપોહ** એટલે ઉઠાવેલા તર્કમાં તાત્ત્વિક બાબતને રાખીને અતાત્ત્વિક બાબતનો ત્યાગ કરવો તે.

૭ **વિજ્ઞાન** એટલે ભ્રમ, સંશય અને વિપર્યાસ વિનાનું યથાર્થ જ્ઞાન.

૮ **તત્ત્વજ્ઞાન** એટલે ઊહ, અપોહ અને વિજ્ઞાનથી શુદ્ધ થયેલ ' આ આમ જ છે ' એવો નિશ્ચય.

જો નવું નવુ સાંભળવાની ઇચ્છા ન હોય કે સાંભળવામાં ન આવે અથવા સાંભળવા છતાં તેનો અર્થ સમજવામાં ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે કે સમજવા છતાં ભૂલી જવામાં આવે તો જ્ઞાનના ભંડોળમાં ઉમેરો થાય નહિ અને બુદ્ધિ અવિકસિત જ રહે. તે જ રીતે જે જ્ઞાન થાય તે ભ્રમ, સંશય અને વિપર્યયરહિત હોય તો જ પ્રમાણભૂત બને તથા ઉહ અને અપોહનો આશ્રય લેવાય તો જ વસ્તુના ગુણદોષ કે વસ્તુનું ખરું સ્વરૂપ સમજવામાં આવે અને એ રીતે તત્ત્વાભિનિવેશ થયો હોય તો જ હિત–અહિત, સુખ–દુઃખ કે યોગ્યાયોગ્યનો બરાબર વિચાર થઈ શકે.

બુદ્ધિ બેધારુ હથિયાર છે, એટલે તેની વિકસિત શક્તિનો ઉપયોગ સન્માર્ગે જ થવો ઘટે છે.

## પંદરમો ગુણ.

## નિત્ય ધર્મ સાંભળવો.

નિત્ય ધર્મ સાંભળવાથી મનની મલિનતા ઓછી થાય છે, અંતરના પરિણામો કોમળ બને છે અને આધ્યાત્મિક ગુણોની અભિવૃદ્ધિ થાય છે. જો એવું શ્રવણ લાંબા સમય સુધી કરવામાં ન આવે તો પ્રમાદરૂપી પિશાચ મનોમંદિરમાં અવશ્ય પેસી જાય છે અને તેમાં રહેલી ગુણસમૃદ્ધિને લૂંટવામાં જરા પણ કચાશ રાખતો નથી. અથવા વાસનાઓનું વૃંદ જોર પર આવે છે, અને વિશદ થયેલી વૃત્તિઓનો કચ્ચરઘાણ કાઢી નાંખે છે. 'ધર્મનું શ્રવણ નિત્ય શામાટે કરવું ?' એના જવાબમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ એક સુંદર દૃષ્ટાંત રજૂ કર્યું છે. એક સાપ અને નોળિયો જોર–શોરથી લડતા હતા, તેમાં સાપ નોળિયાના શરીર પર જુદા જુદા સ્થળે દંશ દેતો હતો, એટલે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોળિયાને ઝેર ચડતું હતું, પણ નોળિયાની ગુફામાં એવી જડી-બુટ્ટી હતી ( નોળવેલ ) કે જે સૂંઘતાં જ ચડેલું ઝેર ઉતરી જતું હતું, એટલે નોળિયો સાપ સાથે લડવાનું થોડો વખત મુલતવી રાખી પોતાની ગુફામાં આવી જતો અને જડીબુટ્ટી-ના પ્રભાવથી નિર્વિષ થઇને સાપની સાથે લડવા લાગતો. આમ કરવાથી તે સાપને હરાવી શક્યો અને વિજયી થયો. આ દૃષ્ટાંતનો ઉપનય એવો છે કે સંસાર-વ્યવહારનો પ્રપંચ એ સર્પ છે અને જીવ એ નોળિયો છે. તેમાં સંસાર-વ્યવહારનો પ્રપંચ જીવના પરિણામો પર બૂરી અસરો કર્યા કરે છે, એટલે તે અસરો નાબૂદ કરવા માટે ધર્મરૂપી જડીબુટ્ટીને વારંવાર સૂંઘવાની જરૂર છે. જો ધર્મરૂપી જડીબુટ્ટીને વારંવાર સૂંઘ-વામાં ન આવે તો કામ, ક્રોધ, મદ, મોહ વગેરે ઝેરો પૂરે-પૂરા વ્યાપી જાય અને સંસારસાગરમાંથી ઉગરવાનું અશક્ય બને. નિત્ય **ધર્મ સાંભળવો,** એ ગૃહસ્થનું કર્તવ્ય છે.

## સોળમો ગુણ

## અજીર્ણ થતાં ભોજન કરવું નહિ.

**जीर्णे भोजनमात्रेयः।**—આયુર્વેદના પ્રસિદ્ધ આચાર્ય આત્રેયનું એ વચન છે કે-પ્રથમનો આહાર જીર્ણ થાય-બરા-બર પચી જાય પછી જ ભોજન કરવું. જો પ્રથમનો આહાર અજીર્ણ હોય એટલે કે બરાબર પચ્યો ન હોય અને ભોજન કરવામાં આવે તો મૂર્છા, લવારો, કંપ, મોળ આવવી, શરીર નરમ થઇ જવું, ફેર આવવા વગેરે ઉપદ્રવો થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે મૃત્યુ પણ નિપજે છે. અજીર્ણ થતાં નીચેનાં ચિહ્નો જણાય છેઃ

( ૧ ) પૂંઠેથી દુર્ગંધવાળો વાયુ છૂટે છે.

( ૨ ) ઝાડામાં વાસ આવે છે.

( ૩ ) ઝાડો બંધાયા વિનાનો થોડો થોડો ભાંગ્યો-તૂટ્યો આવે છે.

( ૪ ) શરીર ભારે લાગે છે.

( ૫ ) અન્ન પર રુચિ થતી નથી.

( ૬ ) ઓડકાર અવિશુદ્ધ ( ખરાબ ) આવે છે.

અજીર્ણ ચાર પ્રકારનું છેઃ (૧) આમ, (૨) વિદગ્ધ, (૩) વિષ્ટબ્ધ અને (૪) રસશેષ. તેમાં આમ અજીર્ણ હોય તો ઝાડો નરમ આવે છે ને તેમાંથી ફોરેલી છાશ જેવી દુર્ગંધ છૂટે છે; વિદગ્ધ અજીર્ણ હોય તો ઝાડામાં ખરાબ ધૂમાડાના જેવી દુર્ગંધ આવે છે; વિષ્ટબ્ધ અજીર્ણ હોય તો શરીર ભાંગે છે અને ત્રોડ કે કળતર થાય છે; તથા રસશેષ અજીર્ણ હોય તો આખું શરીર અકડાઈ જાય છે અને સાંધાઓ ઢીલા પડે છે.

અજીર્ણને દૂર કરવાના ઉપાયો અનેક છે, પણ તેમાં સહુથી સારો ઉપાય આહારત્યાગ છે, તેથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે—

अजीर्णे अभोजनमिति ।

અજીર્ણ થતાં ભોજન કરવું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સત્તરમો ગુણ

### પ્રકૃતિને અનુકૂળ અવસરે ભોજન કરવું.

ભોજન એ દેહ-જીવનનો પ્રધાન વ્યવહાર છે, એટલે પ્રત્યેક ગૃહસ્થે તેના મુખ્ય નિયમોથી વાકેફ થઇને તે પ્રમાણે વર્તવું જોઇએ. આ વિષયમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ જણાવ્યું છે કે—

**सात्म्यतः कालभोजनमिति ।**

સાત્મ્ય પ્રમાણે કાળભોજન કરવું.

'સાત્મ્ય કોને કહેવાય ? એનો ઉત્તર એ છે કે—

**पानाहारादयो यस्याविरुद्धाः प्रकृतेरपि ।**
**सुखित्वायावलोक्यंते तत्सात्म्यमिति गीयते ॥**

પ્રકૃતિથી અવિરુદ્ધ એવાં જે ખાનપાન સુખપણાને માટે જોવામાં આવે તે સાત્મ્ય કહેવાય છે. તાત્પર્ય કે-પ્રકૃતિને માફક આવે-અનુકૂળ આવે તેવા ખાનપાનનો વ્યવહાર એ સાત્મ્ય છે.

અનુભવીઓ જણાવે છે કે-જન્મથી માંડીને સાત્મ્યપણાથી ખાધેલું વિષ પણ પથ્ય એટલે હિતકારી થાય છે, તેથી સાત્મ્યનો ખ્યાલ બરાબર રાખવો.

' કઈ વસ્તુ કેટલી અનુકૂળ છે, તેનો નિર્ણય દરેક વ્યક્તિ પોતાના અનુભવથી કહી શકે છે. તેમ છતાં તેનો નિર્ણય ન થઇ શકે તો એ બાબતમાં અનુભવી વૈદ્ય-હકીમોની સલાહ લેવી ઉચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલભોજનનો સામાન્ય અર્થ એ છે કે–અવસરે ભોજન કરવું; એટલે રોજ સવારે અગિયાર વાગે અને સાંજે છ વાગે જમતાં હોઈએ તો તે પ્રમાણે જ જમવું, પણ એક દિવસ અગિયાર વાગે, બીજા દિવસે બાર વાગે અને ત્રીજા દિવસે બપોરના એક વાગે એમ વિના અવસરે જમવું નહિ. સાંજને માટે પણ તેમજ સમજવું. આમ અવસરે ભોજન કરવાનું કારણ એ છે કે તે સમયે ક્ષુધાનો ઉદય બરાબર થયેલો હોય છે, એટલે ભોજન પર રુચિ થાય છે અને ખાધેલું બરાબર પચી જાય છે.

'નિયત સમયે ક્ષુધાનો ઉદય બરાબર થયો ન હોય તો શું કરવું ?' એનો ઉત્તર એ છે કે 'ક્ષુધાનો ઉદય બરાબર થાય ત્યારે જ જમવું, કારણ કે ક્ષુધાનો ઉદય એ જ વાત મુખ્ય છે.' 'ક્ષુધાનો ઉદય રોજના સમય કરતાં વહેલો થયો હોય તો શું કરવું ?' એનો ઉત્તર પણ એ જ છે કે 'તે વખતે જમી લેવું, કારણ કે અગ્નિ બૂઝાઇ ગયા પછી ઇંધણા હોમવાનો કંઇ જ અર્થ નથી.' પણ આ વસ્તુઓ આપવાદિક છે, એટલે સામાન્ય નિયમ એવો ઘડવામાં આવ્યો છે કે 'પ્રકૃતિને અનુકૂળ અવસરે ભોજન કરવું.'

અહીં શાસ્ત્રકાર મહર્ષિઓની એક આજ્ઞાનો ઉલ્લેખ કરવો યોગ્ય ગણાશે કે **लौलत्याग इति** અવસરે ભોજન કરવામાં પણ રુચિ ઉપરાંત જમવાની લોલુપતા રાખવી નહિ, કારણ કે બહુ કરેલું ભોજન વમન, ઝાડો કે મૃત્યુ કર્યાં વિના વિરામ પામતું નથી. ઊણોદરી રહેવામાં કેવા અને કેટલા ફાયદા છે, તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન અમોએ ' તપનાં તેજ* 'માં કરાવ્યું છે, એટલે મુમુક્ષુ-ઓએ ત્યાંથી જોઇ લેવું.

## અઢારમો ગુણ

## ધર્મ, અર્થ અને કામને પરસ્પર બાધા ન આવે તે રીતે સાધવા.

જેનાથી આત્માનો અભ્યુદય થાય અને મોક્ષસુખની પ્રાપ્તિ થાય તે ધર્મ, જેનાથી વ્યવહારના સર્વ પ્રયોજનોની સિદ્ધિ થાય તે અર્થ, જેનાથી ઇંદ્રિયોની તૃપ્તિ થાય કે ઇંદ્રિયોને પ્રીતિ ઉપજે તે કામ. એક ગૃહસ્થને માટે આ ત્રણે વર્ગ જરૂરી છે, એટલે તેણે એકનું સેવન કરવું અને બીજા તરફ ઉપેક્ષા કરવી ઉચિત નથી.

ગૃહસ્થ જો માત્ર ધર્મને સાધવાનો પુરુષાર્થ કરે અને અર્થ કે કામની દરકાર કરે નહિ, તો તેનો કોઈ વ્યવહાર ચાલે નહિ, એટલે તેણે ધર્મની સાધના એવી રીતે કરવી કે જેથી અર્થ અને કામને બાધા આવે નહિ.

ગૃહસ્થ જો માત્ર અર્થને સાધવાનો પુરુષાર્થ કરે અને ધર્મ કે કામની દરકાર ન કરે તો એનો આ લોક અને પરલોક બગડે એટલે તેણે અર્થની સાધના એવી રીતે કરવી કે જેથી ધર્મ અને કામને બાધા આવે નહિ.

ગૃહસ્થ જો માત્ર કામને સાધવાનો પુરુષાર્થ કરે અને ધર્મ કે અર્થની દરકાર ન કરે તો એને દુઃખ અને દરિદ્રતાનો શીઘ્ર અનુભવ થાય, એટલે તેણે કામની સાધના એવી રીતે કરવી કે જેથી ધર્મ અને અર્થને બાધા આવે નહિ.

---

* જુઓ આ જ ગ્રંથમાળામાં પ્રકટ થયેલ પુષ્પ નં. ૧૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાત્પર્ય કે ગૃહસ્થે યથાશકિત ધર્મનું સેવન કરવું, ધંધા-રોજગાર પ્રત્યે ઉપેક્ષા કરવી નહિ તથા શરીર કે પત્ની–પરિવાર પ્રત્યે બેદરકાર થવું નહિ. અર્થ અને કામની પ્રવૃત્તિ એવી તો ન જ થવી જોઇએ કે જેથી ધર્મને બાધા પહોંચે. ગૃહસ્થાશ્રમમાં ધર્મની પ્રધાનતા અને અર્થ–કામની ગૌણતા હોય તો જ જીવન-વિકાસ થઇ શકે છે.

## ઓગણીસમો ગુણ

## દેવ, અતિથિ અને દીનજનોની સેવા કરવી.

દેવની સેવા એટલે ઇષ્ટદેવની ઉપાસના, અતિથિસેવા એટલે સાધુસંતોને નિર્દોષ અન્ન–પાણી આપવાની ક્રિયા અથવા ઘેર આવેલા મેમાન–પરોણાનું ભાવથી સ્વાગત. દીન-જનોની સેવા એટલે લૂલા, લંગડા, આંધળા, અશક્ત, ભગત, ભિખારી કે મુશીબતમાં આવી પડેલાઓને યથાશક્તિ દાન.

ઇષ્ટદેવની ઉપાસના ન હોય તો અંતરનું વલણ ધર્માભિમુખ થતું નથી. જો સાધુસંતો પ્રત્યે માનવૃત્તિ ન હોય તો ચારિત્ર અથવા ગુણવૃદ્ધિનો લાભ થતો નથી. જો દીન જનો પ્રત્યે ઉપેક્ષા દાખવવામાં આવે તો દયા ધર્મનો લોપ થાય છે; માટે જ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે—

देवातिथिदीनप्रतिपत्तिरिति ।

દેવ, અતિથિ અને દીન જનોની સેવા કરવી.

અહીં એ સ્પષ્ટીકરણ કરવું ઉચિત ગણાશે કે કોઇ પણ ધર્મના સાધુ, સંતો આપણે ત્યાં આવ્યા હોય તો ગૃહસ્થનો સામાન્ય ધર્મ સમજીને તેમનો યથોચિત સત્કાર કરવો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને અન્નપાન આપવા, પછી તેમના ગુણો પ્રત્યે આપણાં હૃદયમાં પક્ષપાત ભલે ન હોય. તે જ રીતે દીન જનોને દાન આપતી વખતે પાત્રાપાત્રનો વિચાર કરવો નહિ, કારણ કે જિનેશ્વરોએ અનુકંપાદાનનો કોઇ સ્થળે નિષેધ કરેલો નથી.

## વીસમો ગુણ.

## કદાગ્રહી થવું નહિ.

એક વસ્તુ ન્યાય-નીતિથી વિરુદ્ધ છે, પોતાને કરવા યોગ્ય નથી, પોતે તેનું આચરણ કર્યું તે ભૂલ હતી, એમ જાણ્યા પછી પણ તેને પકડી રાખવી અને પોતાનું બોલેલું અન્યથા કેમ થાય? એ વિચારે તેને સાચી ઠેરવવા પ્રયાસ કરવો એ કદાગ્રહ છે. આ પ્રકારનો કદાગ્રહ રાખવાથી સરલતાનો નાશ થાય છે, નવીન હિતશિક્ષાની પ્રાપ્તિ થતી નથી અને લોકોમાં અપકીર્તિ થાય છે, તેથી જ મહાપુરુષે કહ્યું છે કે—

**सर्वत्रानभिनिवेश इति ।**

સર્વત્ર અભિનિવેશ રહિત થવું.

અભિનિવેશનો સામાન્ય અર્થ કદાગ્રહ છે, પરંતુ બીજાને પરાભવ કરવાના પરિણામથી નીતિમાર્ગને ન પામેલા કાર્યનો આરંભ કરવો, તેને પણ અભિનિવેશ કહેવામાં આવે છે. નીતિનું ઉલ્લંઘન થાય તેવું કાર્ય કરવાની ઇચ્છા થવી એ નીચનું લક્ષણ છે. કહ્યું છે કે—

**दर्पः श्रमयति नीचान्निष्फलनयविगुणदुष्करारंभैः ।**
**स्रोतो विलोमतरणव्यसनिभिरायास्यते मत्स्यैः ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાગ્રહથી ઉત્પન્ન થતો અહંકાર પ્રવાહની સામે ચાલવાની ટેવવાળા મત્સ્યોની જેમ નીચ મનુષ્યોને નિષ્ફળ, નીતિ વગરના અને મુશ્કેલીભર્યા કાર્યનો આરંભ કરવાનો શ્રમ આપે છે.

અભિનિવેશ વિનાના મનુષ્યો જ ધર્મપ્રાપ્તિને યોગ્ય છે, એમ જાણીને ગૃહસ્થોએ અભિનિવેશથી રહિત થવું–કદાગ્રહી થવું નહિ.

## એકવીસમો ગુણ.

## ગુણને વિષે પક્ષપાત રાખવો.

અનુભવીઓએ કહ્યું છે કે 'ગુણવાન પુરુષોમાં રહેલો ગુણ એ જ પૂજાનું સ્થાન છે, નહિ કે વેશ અને વય' એટલે મનુષ્યના વેશ અને વય સામે ન જોતાં તેના ગુણ સામે જોવું અને તે ગુણવાન જણાય તો તેનો આદર કરવો, તેની પ્રશંસા કરવી અને તેને બને તેટલા મદદગાર થવું એ સજ્જનોનું કર્ત્તવ્ય છે.

'ગુણને વિષે પક્ષપાત રાખવાનું કારણ શું?' એનો ઉત્તર એ છે કે 'ગુણને વિષે પક્ષપાત રાખવાથી આપણામાં પણ તેવા ગુણો વૃદ્ધિ પામે છે અને અન્ય મનુષ્યોને પણ ગુણવાન થવાની પ્રેરણા મળે છે. તાત્પર્ય કે–ગુણનો પક્ષપાત કરવાની ટેવ સ્વ–પરને ઉપકારી હોવાથી જ તેનું વિધાન કરવામાં આવેલું છે.'

'ગુણ શબ્દથી શું સમજવું?' એનો ઉત્તર એ છે કે 'ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, સજ્જનતા, ઉદારતા, દાક્ષિણ્યતા, સ્થિરતા, પવિત્રતા, ધર્મપરાયણતા આદિને ગુણ સમજવા.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બાવીસમો ગુણ

## દેશ અને કાલથી વિરુદ્ધ ચાલવું નહિ.

શાસ્ત્રકાર મહર્ષિઓએ સ્પષ્ટ વાણીમાં કહ્યું છે કે—

**अदेशकालपरिचर्यापरिहार इति ।**

દેશ અને કાલથી વિરુદ્ધ પરિચર્યાનો ત્યાગ કરવો.

દેશ એટલે સ્થાનવિશેષ અને કાલ એટલે સમય. તેને અનુસરીને ચાલવું તે અદેશકાલપરિચર્યા કહેવાય. તાત્પર્ય કે સૌરાષ્ટ્રદેશમાં રહેનારે સૌરાષ્ટ્રદેશની રહેણી-કરણી મુજબ, ગુજરાતદેશમાં રહેનારે ગુજરાતદેશની રહેણી-કરણી મુજબ અને મહારાષ્ટ્રદેશમાં રહેનારે મહારાષ્ટ્રદેશની રહેણી-કરણી મુજબ ચાલવું, પણ તેથી વિરુદ્ધ ચાલવું નહિ. તે જ રીતે જે સમય કે જમાનામાં રહેતા હોઈએ તેને અનુરૂપ બધો વ્યવહાર રાખવો પણ તેથી વિરુદ્ધ વ્યવહાર રાખવો નહિ. એકવીસમી સદીમાં અઢારમી સદીનો વ્યવહાર રાખવા જતાં પાછા પડાય અને બાવીસમી કે તેવીસમી સદીનો વ્યવહાર રાખવા જતાં ઉન્નતમાં ખપવું પડે, આ કારણે દેશ અને કાલને અનુસરતો વ્યવહાર રાખવો એ જ ઉચિત છે. પરંતુ આ બધી બાબતોમાં ધર્મને બાધા ન પહોંચે તેનો ખાસ ઉપયોગ રાખવો-દેશકાળના બહાને ધર્મના સિદ્ધાન્તો અને આચારવિચારોને અળગા રાખનારો મનુષ્ય તત્ત્વને હજી સમજ્યો જ નથી માટે ધર્મને સાચવીને દેશ-કાલ પ્રમાણે પ્રવૃત્તિ કરવી.

વળી શાસ્ત્રકારોનું વચન છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## यथोचितलोकयात्रेति ।

યોગ્યતા પ્રમાણે લોકવ્યવહાર કરવો.

જો યોગ્યતા પ્રમાણે લોકવ્યવહાર ન રાખવામાં આવે તો લોકોનાં મન આપણાથી વિરુદ્ધ થાય અને તેઓ આપણી અવગણના કરે એટલે લઘુતા થવાનો પ્રસંગ આવે. અનુભવીઓની ઉદ્‌ઘોષણા છે કે—

लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ॥

સર્વ ધર્મમાર્ગે ચાલનારા પુરુષોનો આધાર લોક છે, તેથી જે લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ હોય તેનો ત્યાગ કરવો.

અહીં એ વાત યાદ રાખવી ઘટે છે કે–**हीनेषु हीनक्रम इति** હલકા લોકોને વધારે પડતું માન કે વધારે પડતું વજન આપવું નહિ, કારણ કે તેમ કરવાથી તેમની તુચ્છતામાં ઉમેરો થાય છે અને અભિમાનાદિ દુર્ગુણો વૃદ્ધિ પામે છે. વળી એ પણ યાદ રાખવું ઘટે છે કે–**अतिसंसर्गवर्णनमिति**–એટલે અતિપરિચયનો ત્યાગ કરવો. કેટલાક અતિપરિચયથી ગુણવાન ઉપર પણ અનાદર થાય છે. કહ્યું છે કે–

अतिपरिचयादवज्ञा भवति विशिष्टेऽपि वस्तुनि प्रायः ।
लोकः प्रयागवासी कूपे स्नानं सदा कुरुते ॥

અતિપરિચયથી ઘણાભાગે સારી વસ્તુ ઉપર પણ અનાદર થાય છે. પ્રયાગતીર્થમાં રહેનારો માણસ (ગંગા નદી પાસે હોવા છતાં અતિપરિચય અંગે) હંમેશાં કૂવામાં સ્નાન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તેવીસમો ગુણ.

## પોતાની શક્તિ અનુસાર કામનો આરંભ કરવો.

બુદ્ધિમાન મનુષ્યે કોઇપણ કામ કરતાં પહેલાં એ વિચાર અવશ્ય કરવો ઘટે છે કે આ કાર્ય હું પૂરું કરી શકીશ કે કેમ ? જો બધો વિચાર કરતાં એ કાર્ય પૂરું થઈ શકે તેમ ન લાગતું હોય તો એનો આરંભ ન કરવો એ જ ડહાપણ છે, કારણ કે આદરેલાં કામ અધૂરાં રાખવાથી લોકોમાં હાંસી થાય છે અને તેમનો આપણા પ્રત્યેનો વિશ્વાસ ઊઠી જાય છે, એટલે બીજા કામોમાં પણ સહકાર મળતો નથી. તેથી જ મહર્ષિઓએ કહ્યું છે કે—

**बलाबलापेक्षणमिति ।**

કોઇપણ કાર્ય કરતાં પહેલાં બલ અને અબલનો વિચાર કરવો.

અહીં બલ શબ્દથી શારીરિક સ્થિતિ, માનસિક સ્થિતિ, આર્થિક સ્થિતિ, મિત્રો, લાગવગ, આવડત વગેરે વસ્તુઓ સમજવી, એટલે કોઇપણ કાર્ય ઉપાડતાં પહેલાં–હું શરીરથી પહોંચી શકીશ કે કેમ ? તેમાં મારી બુદ્ધિ ચાલે છે કે કેમ ? તેને માટે જોઇતાં જરૂરી પૈસા મારી પાસે છે કે કેમ ? અથવા જરૂર પડયે બાકીના પૈસા લાવી શકું તેમ છું કે કેમ ? આ કાર્યમાં મદદ કરે તેવા મિત્રો મારી પાસે છે કે કેમ ? હોય તો કેટલા ? મારી લાગવગ કેટલી ? આ કાર્ય વિષે મારી પોતાની આવડત કેટલી ? જો આનો ઉત્તર અનુકૂળ હોય તો આપણે બલવાન છીએ, એમ સમજવું. અન્યથા આપણી ગણના અબલવાનમાં કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રકારોનું એ વચન છે કે—

**कः कालः कानि मित्राणि को देशः कौ व्ययागमौ ।**
**कश्चाहं का च मे शक्तिरिति चिंत्यं मुहुर्मुहुः ॥**

'સમય કેવો છે? મિત્ર કોણ છે? દેશ કેવો છે? આવક અને ખર્ચ કેટલો છે? હું કોણ છું અને મારી શકિત કેવી છે? એ સર્વેનો વારંવાર વિચાર કરવો.'

## ચોવીસમો ગુણ.

### ભરણપોષણ કરવા યોગ્યનું ભરણપોષણ કરવું.

માતા, પિતા, દાદા, દાદી, પત્ની, પુત્ર, પુત્રીઓ, વિધવા બહેન તથા આપત્તિમાં આવી પડેલાં સ્વજનો ભરણપોષણ કરવા યોગ્ય ગણાય છે. તેમનું કોઇપણ ઉપાયે ભરણપોષણ કરવું, તે ગૃહસ્થનો ધર્મ છે. તેથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે—

**भर्तव्यभरणमिति ।**

ભરણપોષણ કરવા યોગ્યનું ભરણપોષણ કરવું.

વળી એમ પણ કહેવાયું છે કે—

**चत्वारि ते तात ! गृहे वसन्तु ।**
**श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे ॥**
**सखा दरिद्रो भगिनी व्यपत्या ।**
**ज्ञातिश्च वृद्धो विधनः कुलीनः ॥**

"હે તાત! ગૃહસ્થધર્મને વિષે સંપત્તિથી યુકત એવા તમારા ઘરમાં દરિદ્રી મિત્ર, છોકરા વગરની બેન, કોઈ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધ જ્ઞાતિજન અને નિર્ધન થઈ ગયેલો કુલીન માણુસ એ ચાર હમેશાં નિવાસ કરીને રહો ! અર્થાત્ સદ્‌ગૃહસ્થે આ ચારનું પણ પોષણ કરવું ઘટે છે.”

અહીં બીજી પણ કેટલીક સૂચનાઓ વિચારવા જેવી છે. તેમાંની પ્રથમ સૂચના એવી છે કે—

**तस्य यथोचितं विनियोग इति ।**

તે બધાને ઉચિત કાર્યમાં જોડવા.

તાત્પર્ય કે-નાનાને નાનું કામ સોંપવું અને મોટાને મોટું કામ સોંપવું; પણ કોઈને કામ વિનાના રહેવા દેવા નહિં. નવરા માણુસો નખ્ખોદ વાળે છે, એ સહુ કોઈનો અનુભવ છે.

બીજી સૂચના એવી છે કે—

**तत्प्रयोजनेषु बद्धलक्षतेति ।**

તેમના ધર્મ, અર્થ અને કામ સંબંધી પ્રયોજનમાં હમેશા લક્ષ રાખવું.

તાત્પર્ય કે-કુટુંબના માણુસોને ધર્મારાધન અંગે કોઈ સાધન-સગવડની જરૂર હોય તો તેવાં સાધન-સગવડ કરી આપવા. બે પૈસા વાપરવા જોઈતા હોય તો યોગ્યતા પ્રમાણે એ પણ આપવા અને તેમને ઉચિત આનંદ-વિનોદ પણ કરાવવો. એમ કરવાથી આખા કુટુંબમાં સંપ અને સહકારની લાગણી જળવાઈ રહે છે અને પરિણામે પ્રતિષ્ઠા વધે છે.

ત્રીજી સૂચના એવી છે કે—

**अपायपरिरक्षोद्योग इति ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાંનું કોઈ અયોગ્ય રસ્તે ન ચડી જાય તે માટે પ્રયાસ કરવો.

અગ્નિનો તણખો ઘાસની ગંજીને બાળી મૂકે છે, તેમ એક વ્યકિત કુલાંગાર થાય તો આખા કુટુંબની પ્રતિષ્ઠાનો નાશ કરે છે, તેથી કુટુંબની કોઇ પણ વ્યક્તિ અયોગ્ય રસ્તે ન ચડી જાય તે માટે પૂરતી સાવધાની રાખવાની જરૂર છે. અને જો કોઈ પણ વ્યક્તિમાં કંઇ પણ એવું જોવામાં આવે તો એને ઠેકાણે લાવવા માટે યોગ્ય પ્રયાસો કરવાની આવશ્યકતા છે.

ચોથી સૂચના એવી છે કે—

**गर्ह्ये ज्ञान–स्वगौरवरक्षे इति ।**

જો તે પોષ્ય વર્ગ નિંદા કરવા યોગ્ય થાય તો ગૃહસ્થે પોતાના જ્ઞાન અને ગૌરવની રક્ષા કરવી.

તાત્પર્ય કે–ઘરનાં બધાં માણસો અવળા માર્ગે ચડી જાય તો ગૃહસ્થે તેમના એ માર્ગને ઉત્તેજન ન આપતાં પોતાની લાજ–આબરુ કઇ રીતે બચે એનો વિચાર કરીને વર્તવું,

## પચીસમો ગુણ.

## સદાચારી અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી.

સદાચારી એટલે સાધુ, સંતો કે ન્યાયનીતિને અનુસરનારા ગૃહસ્થો. તેમની સેવા કરવાથી આપણો આચાર સુધરે છે અને ચારિત્ર વિકાસ પામે છે. જ્ઞાનવૃદ્ધો એટલે વિદ્વાનો, પંડિતો, વિચારકો. તેમની સેવા કરવાથી આપણા વિચારો સુધરે છે અને જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. તે જ કારણે મહર્ષિઓએ કહ્યું છે કે–

**वृत्तस्थज्ञानवृद्धसेवेति ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## છવીસમો ગુણ.

### દીર્ઘદર્શી થવું.

જે મનુષ્ય પરિણામનો વિચાર કરતો નથી, તે મૂર્ખ કહેવાય છે અને જે મનુષ્ય પરિણામનો વિચાર કરે છે, તે દીર્ઘદર્શી કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો જે મનુષ્ય લાહ્ય લાગે ત્યારે કૂવો ખોદવા નીકળે છે, એ ટૂંકી દષ્ટિવાળો કે મૂઢ છે અને જે મનુષ્ય પાણી પહેલાં પાળ બાંધે છે, તે લાંબી નજરવાળો કે દીર્ઘદર્શી છે. ગૃહસ્થ જો દીર્ઘદર્શી ન હોય તો અનેક જાતની આફતોમાં અટવાઈ જાય અને તેમ થતાં તેના વ્યવહાર નાશ પામે તેથી જ દીઘદર્શી થવું આવશ્યક છે.

## સતાવીસમો ગુણ.

### વિશેષજ્ઞ થવું.

જે મનુષ્ય યોગ્ય અને અયોગ્ય, હિતકર અને અહિતકર કે સારા અને ખોટા વચ્ચેનો તફાવત બરાબર જાણી શકે છે, તે વિશેષજ્ઞ કહેવાય છે. એવો વિશેષજ્ઞ મનુષ્ય કદી કોઈથી છેતરાતો નથી, તેમજ યોગ્યની યોગ્ય કદર કરી શકે છે, તેથી જ વિશેષજ્ઞ થવું, એ એક ગૃહસ્થને માટે અત્યંત આવશ્યક છે.

## અઠ્ઠાવીસમો ગુણ

### કૃતજ્ઞ થવું.

કોઇ મનુષ્યે પોતાના પર કોઇ પણ પ્રકારનો ઉપકાર કર્યો હોય, તેને બરાબર યાદ રાખે અને સમય આવ્યે તેના પર વધતો ઉપકાર કરવાની ભાવના રાખે તે કૃતજ્ઞ કહેવાય. આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃતજ્ઞ થવું એ ગૃહસ્થનો મોટામાં મોટો ગુણ છે. એથી શિષ્ટાચાર જળવાઈ રહે છે, સદ્ભાવની વૃદ્ધિ થાય છે અને દરેક કામ સહેલાઇથી પાર પડે છે. તેથી વિરુદ્ધ જે મનુષ્ય કૃતઘ્ની છે, એટલે કરેલા ઉપકારને ભૂલી જાય છે, તે શિષ્ટાચારનો લોપક છે, સદ્ભાવનો નાશ કરનારો છે અને પોતાના હિત પર પોતે જ કુઠારાઘાત કરનારો છે; તેથી કૃતજ્ઞ થવું એ સુજ્ઞજનોનું કર્ત્તવ્ય છે.

## ઓગણત્રીસમો ગુણ

### લોકપ્રિય થવું.

જે મનુષ્ય પોતાની વાણી મધુર રાખે છે અને કોઇનું કંઈ પણ કામ કરી આપે છે, તે લોકપ્રિય થાય છે. તેથી વિરુદ્ધ જે મનુષ્ય પોતાની વાણી અત્યંત કડવી એટલે એક ઘા ને બે ટૂકડા જેવી રાખે છે, તે બીજા ગુણો ગમે તેટલા હોવા છતાં લોકમાં અપ્રિય થાય છે અને બનતાં સુધી કોઈ તેને બોલાવતું નથી. તે જ રીતે જે માણસ છતી શક્તિએ કોઇનું કંઈ પણ કામ કરી આપતો નથી અને પોતાની જ સ્વાર્થસાધનામાં મચ્યો રહે છે, તે પણ અપ્રિય થાય છે; એટલે લોકપ્રિય થવા ઇચ્છનારે પોતાની વાણીને બને તેટલી મધુર રાખવી અને કોઇનું કંઈ પણ કામ કરી છૂટવું.

## ત્રીસમો ગુણ

### લજ્જાવાન્ થવું.

લોકોમાં એક કહેવત છે કે ' જેણે મૂકી શરમ તેનું ફૂટયું કરમ ' એટલે જે મનુષ્ય લાજ–શરમનો ત્યાગ કરે છે, અને ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનાં કામો કરે છે, તેનું ભાગ્ય પરવારી જાય છે. શાસ્ત્રકારોનો અભિપ્રાય એથી ભિન્ન નથી, તેથી જ તેમણે પ્રત્યેક સદ્ગૃહસ્થને લજ્જાવાન્ થવાનો અનુરોધ કર્યો છે. અહીં એ સ્પષ્ટીકરણ કરવું ઉચિત ગણાશે કે ગૃહસ્થોએ જે લજ્જા રાખવાની છે, તે અનુચિત કાર્યો અંગે રાખવાની છે, પણ ઉચિત કાર્ય અંગે રાખવાની નથી. જમવા બેઠા અને ખોટી શરમ રાખી ભૂખ્યા ઉઠવું કે દસ્ત વગેરેની હાજત થઇ હોય છતાં ખોટી શરમથી બેસી રહેવું, તે હરગીઝ ઉચિત નથી. તે જ રીતે કોઈ કામ અંગે કોઈ પાસે જવાનું થયું ત્યાં શરમાઇને કંઇ પણ ન બોલતાં પાછા ફરવું, તે પણ તેટલું જ અનુચિત છે. અહીં 'માગ્યા વિના મા પણ ન પીરસે.' 'બોલે તેના બોર વેચાય' વગેરે કહેવતો યાદ રાખીને પોતાને જે કંઈ કહેવાનું હોય તે સ્પષ્ટતાથી કહેવું ઘટે છે.

## એકત્રીસમો ગુણ

### દયાળુ થવું.

મનુષ્યમાં બીજા ગુણો ગમે તેટલા મહાન હોય પણ તેનામાં દયા ન હોય, તો એ બધા ગુણો દટાઈ જાય છે; અને તેની ગણના એક નિર્દય, ક્રૂર કે ઘાતકી મનુષ્ય તરીકે થાય છે; તેથી સુજ્ઞ મનુષ્યે અવશ્ય દયાળુ થવું ઘટે છે.

સર્વ ધર્મના સંતપુરુષોએ દયાની પ્રશંસા કરી છે અને તેને ધર્મનું મૂળ ગણી છે. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા શબ્દો:—

દયા ધર્મ કો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બત્રીસમો ગુણ

## આકૃતિ સૌમ્ય રાખવી.

આકૃતિ એટલે મુખમુદ્રા. તે સૌમ્ય એટલે પ્રસન્ન રાખવાથી અન્ય મનુષ્યો પર સુંદર છાપ પડે છે અને લોકપ્રિયતામાં વધારો થાય છે. તેથી વિરુદ્ધ જે મનુષ્ય સદા ચીડાયેલો દેખાય છે, બાવરો રહે છે કે દીવેલ પીધા જેવું મોઢું રાખે છે, તેનું મોઢું જોવાનું ભાગ્યે જ કોઈને પસંદ પડે છે. તાત્પર્ય કે–તેથી અપ્રિયતા થાય છે, સંબંધો ઘટે છે અને પરિણામે વ્યવહારની ક્ષતિ થાય છે.

## તેત્રીસમો ગુણ

## પરોપકારી થવું.

જે મનુષ્ય અન્ય પર ઉપકાર કરે છે, તેનું જીવન ધન્ય છે. બાકીના મનુષ્યો તો માત્ર જીવવાની ખાતર જ જીવે છે, એટલે તેમનું જીવન એક પશુ કરતાં કોઈ પણ રીતે અધિક નથી. અથવા તો તેઓ પશુ કરતાં પણ અધમ છે, કારણ કે પશુઓ પણ કોઇ ને કોઈ જાતનો પરોપકાર કરે છે. કોઈ દૂધ આપે છે, કોઇ ખેતીના કામમાં આવે છે, કોઈ ભાર વાહન કરે છે, કોઇ પોતાની રૂંવાટીઓ આપે છે અને કોઈ પોતાનાં શીંગડાં, ખરીઓ કે ચામડાં આપીને પણ બીજા પર ઉપકાર કરે છે.

વૃક્ષો સામે નજર કરો, તો તેઓ પણ મહાન્ ઉપકાર કરતા જણાશે. તેઓ પોતાનાં મૂળ, છાલ, પત્રો, પુષ્પો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફલો આપણને આપી દે છે અને આપણું જીવન ટકાવવાની અનુકૂલતા કરી આપે છે.

નદી-નવાણ સામે દૃષ્ટિ કરશો તો ત્યાં પણ પરોપકારનો ગુણ પ્રવર્ત્તેલો જણાશે. જો તેઓ પોતાનું મધુર જળ આપણને ન આપતાં હોય, તો આપણી સ્થિતિ કેવી થાય ?

વાયુ ઘડીભર થંભી જાય અને આપણા શ્વાસોચ્છ્વાસમાં આવવાનો ઇનકાર કરે તો આપણી શું વલે થાય ? એ કલ્પવાનું મુશ્કેલ નથી. આમ પ્રકૃતિનું બંધારણ જ એવું છે કે એક બીજાના ઉપર ઉપકાર કરવો; તેથી પ્રત્યેક ગૃહસ્થે પરોપકારી થવા તરફ લક્ષ રાખવું ઘટે છે.

## ચોત્રીસમો ગુણ

### અંતરના છ શત્રુઓને જીતવા.

અંતરના શત્રુઓની ગણના વિવિધ રીતે થાય છે, તેમાં છની ગણના પ્રસિદ્ધ છે, એટલે જ અહીં છ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ છ શત્રુઓ તે કામ, ક્રોધ, લોભ, માન, મત્સર અને હર્ષ છે. તેમની વિઘાતકતાનું દર્શન ‘પાપનો પ્રવાહ’* એ પુસ્તકમાં તેનું સવિસ્તર દર્શન કરાવ્યું છે, એટલે અહીં તેનો વિસ્તાર કરતા નથી; પણ તે સંબંધમાં એટલું જ જણાવીએ છીએ કે એક ગૃહસ્થ ધન, ધાન્ય, કુટુંબ-પરિવાર અને અધિકાર વગેરેથી ગમે તેટલો સમૃદ્ધ થાય પણ અંતરના શત્રુઓને જીતવાનો કંઈ પણ પ્રયાસ

* જુઓ આ જ ગ્રંથમાળામાં પ્રકટ થયેલ પુષ્પ નં. ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન કરે તો એની ગૃહસ્થાઈ અધૂરી રહે છે અને તે ધર્મારાધનની યોગ્યતાને પ્રાપ્ત કરી શકતો નથી.

## પાંત્રીશમો ગુણ.

## ઇંદ્રિયોને વશ રાખવી.

સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇંદ્રિયો છે. તેને વશમાં રાખવાથી સંયમ કેળવાય છે, આરોગ્યની રક્ષા થાય છે, ધનનો નિરર્થક વ્યય થતો નથી અને ધર્મારાધનની યોગ્યતા સત્વર આવે છે; તેથી પ્રત્યેક સુજ્ઞજને ઇંદ્રિયોને વશ રાખવા માટે પ્રયત્ન કરવો. એક એક ઇંદ્રિયને પરાધીન થવાથી કેવું દુઃખ સહન કરવું પડે છે, તે અમો આગળ વિસ્તારથી બતાવી ગયા છીએ, એટલે અહીં વધુ વિવેચન કરતા નથી, પણ તેના સારભૂત એટલું જ કથન કરીએ છીએ કે ' ઇંદ્રિયોને વશ રાખવામાં જ ગૃહસ્થની શોભા છે, ઇંદ્રિયોને વશ રાખવામાં જ ગૃહસ્થનું હિત છે. અને ઇંદ્રિયોને વશ રાખવામાં જ આખરે કલ્યાણ છે.'

## ઉપસંહાર.

આ પાંત્રીશ ગુણોને બરાબર સમજીને તે પ્રમાણે પોતાનો વ્યવહાર ચલાવનાર યશ અને પ્રતિષ્ઠાનો ભાગી થાય છે તથા ધર્મારાધનની યોગ્યતા પ્રાપ્ત કરીને જીવનયાત્રાની એક મહાન્ મજલ પૂરી કરે છે.

સર્વેનો જીવન-વ્યવહાર શુદ્ધ બને, એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## — નીતિ-વચનો —

अपूज्या यत्र पूज्यन्ते, पूज्यपूजा व्यतिक्रमः ।
त्रीणि तत्र भविष्यन्ति, दुर्भिक्षं मरणं भयम् ॥

જ્યાં અપૂજનીય વ્યક્તિઓ પૂજાવા માંડે અને પૂજનીય વ્યક્તિઓની ઉપેક્ષા થાય ત્યાં દુકાળ, મરણ ને ભયની આપત્તિઓ વેઠવી પડે છે.

× × ×

अन्यायोपार्जितं वित्तं, दशवर्षाणि तिष्ठति ।
प्राप्ते त्वेकादशे वर्षे, समूलं तत् विनश्यति ॥

અન્યાયથી ઉપાર્જન કરેલું ધન, વધુમાં વધુ દશ વર્ષ સુધી ટકે છે. અગિયારમું વર્ષ જ્યારે બેસે છે ત્યારે સંગ્રહ કરેલું સઘળું યે ધન [ જૂનું-નવું ] વિનાશ પામે છે એટલે કે અમે તે રસ્તે માર્ગ કરી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવા બહાર પડેલા ગ્રન્થો

## આત્મકલ્યાણમાળા

(૧) હજારો વાંચકો જેની રાહ જોઈ રહ્યા હતા, પૂ. મુનિવરો, સાધ્વીજીઓ, જેની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે તે અત્યંત ભાવોત્પાદક પ્રાચીન પ્રાર્થના, ગુજરાતી સંસ્કૃત ચૈત્યવંદનો, સ્તુતિઓ, ઢાલીયાં, સ્તવનો, સજઝાયો, પદોનો અત્યુત્તમ સંગ્રહ જેમાં છે. કિં. રૂ. ૪)

(૨) ધર્મબોધ ગ્રંથમાલાના શીઘ્ર ગ્રાહક બની જાવ, માત્ર પોસ્ટેજ સાથે રૂ. ૧૨)ની કિંમતમાં જીવનનું ઘડતર કરવા માટે જુદા જુદા વિષયો ઉપર રોચક શૈલીમાં લખાએલાં ૨૦ પુસ્તકો વસાવી લો.

(૩) પૌષધ વિધિ (ચોથી આવૃત્તિ) સંપૂર્ણ સૂત્રો વિધિ સાથે, નહિ ભણેલાઓ વાંચતા જાય અને પૌષધ કરી શકે તેવી યોજના જેમાં કરવામાં આવી છે. કિં. ૦-૧૨-૦.

(૪) મોહનમાલા (ચોથી આવૃત્તિ) પ્રાચીન અર્વાચીન સ્તવનો તથા પ્રાર્થના, ચૈત્યવંદન, થોયો, ગહુંલીઓ, તપવિધિ, સ્તોત્રો, છંદનો સંગ્રહ કિં. રૂ. ૧.

(૫) સજઝાયો તથા ઢાળીઆઓનો સુંદર સંગ્રહ કિં. રૂ. ૨ાા.

## છપાતા ગ્રન્થો

(૧) કલ્પસૂત્રસુબોધિકા ટીકા (૨) શ્રી ભગવતીજી સૂત્રનાં પ્રવચનો (૩) બૃહત્સંગ્રહણી સુવિસ્તૃત સચિત્ર ભાષાંતર (બીજી આવૃત્તિ).

છૂટક પુસ્તકો પણ મળી શકશે.

—: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :—

શા. લાલચંદ નંદલાલ
ઠે. રાવપુરા, ઘીકાંટા–વડોદરા

સી. શાંતિલાલ શાહની કું.
ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ–મુંબઈ

સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. રતનપોળ, હાથીખાના
અમદાવાદ

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ઠે. ગુલાલવાડી, ગોડીજીની ચાલ નં. ૧
મુંબઈ

For Private And Personal Use Only